ગુજરાતી ઈ મેગેઝિન અંક - ૦૨

Date :- 15/09/2021

નિર્મોહી

એક અવાજ

nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન

VISIT…

LANZAROTE
Caliente.com

નિર્મોહી
એક અવાજ

નિર્મોહીની કલમે

જ્યારે કોઈ આત્મા મનુષ્ય રૂપે આ દુનિયામાં અવતરે છે, ત્યારે તેના જીવનનો મકસદ તેના જન્મ સાથે જ અંકિત થઈ ચૂક્યો હોય છે, એમ મારા જીવનનો મકસદ "લખાણ" રૂપે અંકિત થયેલ હતો, એને ઓળખવામાં મને વધુ સમય લાગ્યો નથી, કેમકે માત્ર ચોવીસ વર્ષની ઉંમરમાં જ મેં મારા સાહિત્યરૂપી સફરની શરૂઆત કરી દીધી હતી. પણ અહીં સુધી જ મારા મકસદ સીમિત ન હતા, મારે તો કંઇક સાહિત્ય માટે વિશેષ કરવું હતું એટલે મેં આજથી બે ચાર મહિના પહેલાં એક મેગેઝિન બનાવવાનું વિચાર્યું! અને એમાં આજથી દોઢેક મહિના પહેલા મને ઈવા બેનનો સાથ મળ્યો! ઈવાબેન સાથે મેગેઝિન બનાવવા વિશે મે વાતચીત કરી અને એના પછી અમારી વચ્ચે મેગેઝિનનું નામ રાખવા અંતર્ગત વાતચીત શરૂ થઈ ગઈ! અમારી માટે એ સમયનો સૌથી મોટો પ્રશ્ન નામ હતો, કે નામ શું રાખવું! ઘણા વિચાર કર્યા પછી એક નામ જહેનમાં આવ્યું "નિર્મોહી" સ્વયં મહાદેવનું એક નામ, જેનો અર્થ મોહ રહિત એવો થાય છે. મારો અને ઈવા બહેનનો મકસદ પણ આજ હતો કે કોઈ લોભ લાલચ વગર જ સાહિત્યકારને તેના નામ આધારિત નહિ પણ તેના વિચાર અને લેખન આધારિત જગ્યા આપીએ. બસ આજ હેતુથી અમે અમારા નવીન સોપાનનું નામ નિર્મોહી રાખીને એની ઉપર કામ કરવાનું શરૂ કર્યું . મારા અને ઈવા બહેન દ્વારા ચિંધેલ મકસદ આજે નિર્મોહી નામે પ્રસિદ્ધ થઈ રહ્યો છે. નિર્મોહી થકી અમે મોહ વગરના કાર્યો કરી દરેક સાહિત્યકારને તેમનું લખાણ અને ઉચ્ચ વિચાર રજૂ કરવા માટે નિર્મોહી પ્લેટફોર્મ આપવા તટસ્થ છે અને આગળ પણ આપતી રહેશે....

નિર્મોહી એક અવાજ ગુજરાતી ઇ મેગેઝિન લોકાર્પણ અને કર્તવ્ય એક બલિદાન નવલકથા વિમોચન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આદરણીય કિશોરભાઈ વ્યાસ સાહેબ તથા મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. પ્રીતિ પટેલ, નિર્ણાયક તરીકે ઉપસ્થિત સંગીતા ચૌહાણ તપસ્યા અને આ પ્રસંગમાં ઉદઘોષક તરીકે ઉપસ્થિત રહીને પ્રવીણભાઈ ખાચર પાર્થ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. એ બદલ હું તેમનો અને ઉપસ્થિત કવિગણ તેમજ ઉપસ્થિત શુભેચ્છકોનો નિર્મોહી એક અવાજ પરીવાર તરફથી આભાર વ્યક્ત કરું છું.

તંત્રી અંકિત ચૌધરી "શિવ"
સહ તંત્રી ઈવા પટેલ

તંત્રી
અંકિત ચૌધરી "શિવ"

સહ તંત્રી
ઈવા પટેલ

nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન

Disign
નિર્મોહી
Editor
Team

નોંધ -

"નિર્મોહી - એક અવાજ" સામયિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી, જે તે લેખક કે કંપનીનાં છે. તેની સાથે તંત્રી કે સંપાદક સહમત છે તેવું માનવું નહિ! સર્વ હક્ક પ્રકાશનને આધીન છે.

નિર્મોહી
એક અવાજ

નિર્મોહી - એક અવાજ સામાયિક લોકાર્પણ કાર્યક્રમ..

ગુજરાતી ઈ મેગેઝિન અંક - ૦૧
Date :- 15/08/2021

નિર્મોહી
એક અવાજ

"જેની પાસે શ્રેષ્ઠ વિચાર રહે છે, એ કોઈ દિવસ એકલો નથી રહેતો."
- સ્વામી વિવેકનંદ.

nirmohimagazine@gmail.com @nirmohimagazine નિર્મોહી ઈ મેગેઝિન

Ankit Chaudhary
Sangita chauhan
Alpa Bhadra
Kishor Vyas
ભારતી ભંડેરી
Gayatri Patel

હૃદયસ્પંદન

નિર્મોહી નામ વાંચીને લાગ્યું કે કંઈક ખાસ મળશે અને મળ્યું પણ! આમ અત્યારના મેગેઝિન જોઈને એવું જ લાગતું હતું કે કંઈ અલગ જોવા નહિ મળે પણ મારા વિચાર ખોટા સાબિત થયા અને નિર્મોહી વાંચ્યા પછી અંદાઝ આવ્યો કે ખરેખરમાં મેગેઝિન કોને કહેવાય.. ખુબ સંદર અંક...

અમર ખંડેલવાલ, (અમદાવાદ)

આ સદીમાં મોહ વગરના કાર્યો કોઈ કરતું નથી, પણ નિર્મોહી એ ખરેખરમાં કરી બતાવ્યું છે. નિર્મોહીનો અંક મળ્યો ત્યારે કવર જોઈને જ સમજી ગયો હતો કે કંઈક નવું મળશે અને બન્યું પણ કંઇક એવું જ! ખુબ સુંદર અંક... નિર્મોહીને ખુબ પ્રગતિ મળે એવી શુભકામના...

મોના નાયક (રાજકોટ)

નિર્મોહી આકર્ષક અંકની સાથે સાથે ખરેખરમાં વંદનીય છે, એક એક કલમ વાંચીને કંઇક નવું શીખવા મળ્યું! ગ્રાફિક્સ અને ટેક્સ્ટ અલાયમેન્ટ ખુબ સુંદર અને રમણીય છે. કોઈપણ જગ્યા એ તકલીફ પડતી નથી.. બસ આગળ પણ આ મેગેઝીન મોહ વગરના કાર્યો કરતું રહે એવી શુભેચ્છા!

. નૈતિક ચૌધરી (મહેસાણા)

નિર્મોહિનો અંક હું બરાબર વાંચી ગયો છું. ડાયજેસ્ટ - શ્રેણીનો અંક કહી શકાય, જેને જોતાં લાગ્યું કે ખરેખરમાં વિવિધતા આજે જોવા મળી છે. ખૂબ સારો અંક બન્યો છે. જેમ જેમ આગળ વધશો તેમ તેમ આપના અલગતા એક મંજિલ બનતી જશે..

દર્શના ધોળકિયા (સુરત)

અનુક્રમણિકા



01. નિર્મોહી એક વાર્તા -
અધૂરાશ - અંકીત ચૌધરી"શિવ" ૦૧

02. નિર્મોહી એક વાર્તા -
લાલા હરદેવ - પીપલીયા જીવતી "જયશ્રી" ૦૬

03. સુખની સવારી નિર્મોહી -
- ઈવા પટેલ ૦૮

04. વિચારોની લહેર -
એક વાત કહું માસિકધર્મની - નેહા વારસુર ૧૦

05. વિચારોની લહેર -
વૃધ્ધાવસ્થા પૂર્ણ વિરામ નથી, ચલો ફરી સારી રીતે જીવી લઈએ. ૧૨

06. મહેફિલ - કાવ્યગોષ્ઠિ વિજેતા રચના
બીજલ જગડ, ભરત સાંગાણી, પીપલીયા જીવતી, માલિની ત્રિવેદી પાઠક ૧૩

07. વ્હાલી નિર્મોહી - બાળગીત & બાળવાર્તા..
કેતના મહેતા, ભાવના ભટ્ટ, નિર્મોહી સંપાદન ૧૫

08. નિર્મોહીને ગર્વ છે - વ્યક્તિ વિશેષ
નીરજ ચોપરા - નિર્મોહી સંપાદન ૧૭

09. ભાતીગળ સંસ્કૃતિ -
આહિરનો પહેરવેશ - ભાવના આહીર.. ૧૯

10. રસોડાની રાણી -
હેલ્થી પ્રોટીન સેન્ડવીચ, ચોકલેટ પિઝા - અલ્પા ભદ્રા ક્રિષ્ના ૨૦

અંકિત ચૌધરી "શિવ"

શહેર - ઊંઝા, મહેસાણા
અભ્યાસ - M.A. B.Ed in English
વ્યવસાય - શિક્ષક
સફળ વાર્તા - કર્તવ્ય - એક બલિદાન, જંતર મંતર, અધૂરાશ

નિર્મોહી એક વાર્તા

અધૂરાશ

આરાધ્યાના દિમાગમાં પોતાના મકસદને કામયાબ કરવા માટે એક જબરદસ્ત આઇડિયા આવે છે,

"ડરપોક મને એક આઈડિયા આવ્યો છે!"

આરાધ્યાને આઈડિયા આવ્યો છે, એ જાણીને પ્રયાગ જોરદાર હસવા લાગ્યો. પ્રયાગને આ રીતે પોતાની ઉપર હસતો જોઈને આરાધ્યાને ગુસ્સો આવે છે પણ એ ગુસ્સો કરતી નથી! કેમકે અત્યારે એની માટે સૌથી જરૂરી હતું આ રિસર્ચ! અને એ કોઈપણ હાલમાં આ રિસર્ચને પરિપૂર્ણ કરવા માગતી હતી. એટલે તે શાંતિથી પ્રયાગના ખભા ઉપર પોતાનો હાથ ટેકવીને કહે છે,

"જો પ્રયાગ આપણે મિત્રો તો છીએ જ નહિ! અત્યારે સાથે છીએ એનો બસ એક મકસદ છે અને એ છે, રીસર્ચનો સેમ ટોપિક! હું એકલી પણ જઈ શકું એમ છું કેમકે મને તો ડર લાગતો જ નથી પણ તું નહિ જઈ શકે....."

આરાધ્યા કંઈ આગળ બોલે એની પહેલાં જ "હું કેમ ન જઈ શકું!"

"કેમકે તું ડરપોક છે... ડરપોક તેના જીવનમાં કંઇપણ ન કરી શકે!" આટલું કહીને તો આરાધ્યા જોરદાર હાસ્ય કરવા લાગે છે. પ્રયાગને ગમતું નથી એટલે તે આરાધ્યા સામે જોઇને કહે છે.

"હવે કામની વાત કરીએ, તમે ભૂલી રહ્યા છો કે આપણી પાસે ફક્ત બે મિનિટ બચી છે અને આ બે મિનિટમાં આપણે શ્રાપિત હવેલી જવા માટેની પરવાનગી લેવાની છે, તો હવે મજાક છોડ અને કામની વાત કર!"

"ઓહ તો મજાકની શરૂઆત કોણે કરી?"
"હવે છોડને યાર, પ્લીઝ."
"ઓકે ચાલ,"
"ક્યાં જવું છે હવે?"
"અરે પાછા મિસ્ટર શ્રેય ચૌધરી પાસે યાર!"
"પણ મને આઈડિયા તો જણાવ, નહીં તો ત્યાં જઈને બન્યા જેવું થશે!"

"ત્યાં જઈને ચૂપચાપ ઊભો રહેજે, બધી વાત હું કરી લઈશ! બસ જ્યાં જરૂર પડે ત્યાં હિંમત દેખાડી હા કે ના માં ફક્ત જવાબ આપજે. જો આ આઇડિયા ચાલી ગયો ને તો સમજ આપણને શ્રાપિત હવેલીમાં જવાની પરવાનગી મળી ગઈ!"
"ઠીક છે... પણ યાર..... ચલ જવા દે..."
"ડરપોક....હવે ચાલ"

આરાધ્યા અને પ્રયાગ મિસ્ટર શ્રેય ચૌધરીની કેબિન તરફ ચાલવા લાગે છે, આરાધ્યાના ચહેરા ઉપર તો તેના આઇડિયાને લઈને ઉત્સુકતા હતી પણ પ્રયાગની ચિંતા સમયે સમયે વધે જતી હતી. પ્રયાગ સમજી જ નહોતો શકતો કે એને શું કરવું જોઈએ અને શું નહીં! ના તેને આરાધ્યાના આઇડિયા ઉપર વિશ્વાસ હતો કે ના તેને શ્રાપિત હવેલીમાં એકલા જવું હતું. પ્રયાગ બરાબર ફસાઈ ચૂક્યો હતો. પ્રયાગના મનમાં ઘણું બધું ચાલી રહ્યું હતું પણ અત્યારે હાલ પ્રયાગ કંઈ સમજી શકે એમ હતો જ નહિ! આરાધ્યા અને પ્રયાગ મિસ્ટર શ્રેય ચૌધરીના કેબિન સુધી પહોંચી જાય છે અને અંદર જવા માટે પરવાનગી માગે છે. મિસ્ટર શ્રેય ચૌધરી તેમને અંદર બોલાવી લે છે,

અધૂરાશ

"સર... હું અને પ્રયાગ શ્રાપિત હવેલીમાં સંશોધન માટે જવા માગીએ છીએ!"

"હું સમજી શકું છું પણ આરાધ્યા તમે બંને ત્યાં ન જઈ શકો! યુનિવર્સિટી તમને પરવાનગી નથી આપી રહી!"

"પણ સર નિયમ પ્રમાણે યુનિવર્સિટી અમને અમારા વિષયના સંશોધન માટે રોકી ન શકે!"

"હા આરાધ્યા તમારી વાત બરાબર છે, પણ ત્યાં જવું ઘણું રિસ્કી છે."

"સર રિસ્ક લેવા માટે તો **hunted house** ટોપિક પસંદ કર્યો છે, જીવનમાં રિસ્ક નથી તો કંઈ નથી!"

"પણ આરાધ્યા યુનિવર્સિટી પોતાના વિદ્યાર્થીને મુસીબતમાં જરાય પણ ન મૂકી શકે!"
"સર યુનિવર્સિટી પોતાના વિદ્યાર્થીને રીસર્ચ કરતાં રોકી પણ ન શકે!"

આરાધ્યા અને મિસ્ટર શ્રેય ચૌધરી વચ્ચે શ્રાપિત હવેલીમાં જવાની પરવાનગીને લઈને બહેશ ચાલી રહી હતી. જે પ્રયાગ એકદમ શાંતિથી સાંભળી રહ્યો હતો. પ્રયાગ વચ્ચે કંઈ બોલવા જ ન માગતો હતો કારણ કે તે શ્રાપિત હવેલી જઈને પૂર્વી વિશે જાણવા માગતો હતો. આરાધ્યા અને મિસ્ટર શ્રેય ચૌધરીની જંગ હજુ પણ ચાલુ હતી,

"આરાધ્યા તને ખબર છે તું જે જગ્યા ઉપર જવાની વાત કરી રહી છે, ને એ જગ્યા ગૂગલ ઉપર પણ ક્યાંય મળતી નથી, અરવલ્લીની ટેકરીઓ કેટલી વિશાળ છે, એનો તો તમને બંનેને આઇડિયા હશે જ! ઉપરથી ગાઢ જંગલ જેમાં અનેકો ઝહેરિલા અને ખતરનાક જીવ, જેમનો સામનો કરવો એ આમ માણસ માટે ખતરનાક છે. આરાધ્યા યુનિવર્સિટી તમને પરવાનગી તો નથી આપતી પણ તમને દશ દિવસની છૂટ આપે છે, કે તમે તમારા સંશોધન માટે નવું સ્થળ પસંદ કરો, જેનું હકીકતમાં અસ્તિત્વ હોય!"

મિસ્ટર શ્રેય ચૌધરી આટલું કહીને યુનિવર્સિટીનો પરવાનગી પત્ર આરાધ્યા સામે લંબાવી દે છે, આરાધ્યા પત્ર લઈને ત્યાં ઊભા ઊભા રીડ કરવા લાગી હતી, તેમાં એક શરત લખી હતી જેને વાંચીને આરાધ્યા ખુશ થઈ જાય છે, પ્રયાગ તેના ચહેરા ઉપર રહેલી ખુશી જોઈને વિચારમાં પડી જાય છે. આરાધ્યા મિસ્ટર શ્રેય ચૌધરી સામે પરવાનગી પત્ર લંબાવતાં કહે છે,

"સર, હું અને પ્રયાગ અમારા રિસ્ક ઉપર શ્રાપિત હવેલી જવા માગીએ છીએ! યુનિવર્સિટીની કોઈ જવાબદારી નહિ રહે એવું લખાણ પણ અમે આપવા માટે તૈયાર છીએ!"

આરાધ્યાની આ વાત સાંભળીને મિસ્ટર શ્રેય ચૌધરી અને પ્રયાગના હોશ ઉડી જાય છે. પ્રયાગ તો કંઈ કહી શકે જ નહિ કેમકે એને તો આ બધું જાણવું જ હતું એટલે એ તો આરાધ્યાની વાતમાં હા મિલાવીને ઊભો રહે છે, પણ મિસ્ટર શ્રેય ચૌધરી હજુ પણ આ બંનેને પરવાનગી આપવા માટે તૈયાર ન હતા,

"પણ તમે બંને આવી જગ્યાએ જવા કેમ માગો છો; જેનું કોઈ અસ્તિત્વ જ નથી! આરાધ્યા પોતાની જવાબદારી ખૂદ લેવાનું પરિણામ શું છે એ ખબર છે? તમને આ જગ્યા એ કંઈ થઈ ગયું તો ના યુનિવર્સિટી તેની માટે જવાબદાર હશે કે ના સરકાર! તમે દરેક લાભથી વંચિત રહી જશો! ના તમને કોઈ મદદ મળશે કે ના કોઈ સહાય! હવે જીવના જોખમે તમારે જવું છે તો જઈ શકો છો! પણ તમારી સાથે કંઈપણ થાય એમાં યુનિવર્સિટી દોશી નથી."

"સર મંજૂર છે અમને, અમે લોકો અમારા જીવના જોખમે શ્રાપિત હવેલી જવા માટે તૈયાર છીએ! ત્યાં અમારી સાથે કંઈપણ થાય તો એની માટે યુનિવર્સિટી કે અન્ય કોઈ વ્યક્તિ જવાબદાર નથી! રહી વાત અમારા જીવની તો હું અને આરાધ્યા એક બીજાને હરેક મુસીબતથી બચાવી લઈશું!"

પ્રયાગની હિંમત જોઈને આરાધ્યાની તૂટતી હિંમત જોડાઈ જાય છે, એ પ્રયાગના ખભા ઉપર હાથ મૂકીને તેની ઉપર ગર્વ ફીલ કરે છે, પછી મિસ્ટર શ્રેય ચૌધરીને કહે છે,

અધૂરાશ

"હું અને પ્રયાગ ત્યાં જવા માગીએ છીએ! અમને કોઈ પ્રોબ્લેમ નથી! બસ હવે આશા છે કે યુનિવર્સિટીને અમારી મરજી વિરૂદ્ધ જવાનો હક છે. અમે બંને છીએ એકબીજા માટે, રાખી લઈશું એકબીજાનું ધ્યાન! અમારી સાથે અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે કંઈપણ થાય તો એની માટે કોઈ જવાબદાર નહિ હોય! હું અને પ્રયાગ સાચવી લઈશું!"

"ઓકે તમારા બંનેની આ મરજી છે તો હું યુનિવર્સિટીમાં વાત કરી લઉં છું, અને બાકી તમારી હિંમત અને આત્મવિશ્વાસ જોઈને મને એવું લાગે છે કે તમે બંને ક્યાંય પણ પાછા પડો એમ નથી! હું તમારી સાથે છું, ત્યાં જંગલમાં કોઈપણ જરૂરિયાત કે સમસ્યા ઊભી થાય ને તો મને જટથી યાદ કરી દેજો, હું તમારી મદદ કરવા ત્યાં અવશ્ય આવીશ! પણ એક બીજાના સાથી થઈને એક બીજાનું ધ્યાન રાખજો! કેમકે જિંદગી એક વાર મળે છે અને એને એવી જીવો કે જિંદગીને પણ તમારાથી પ્રેમ થઈ જાય!"
"Thank you સર,"

મિસ્ટર શ્રેય ચૌધરી આટલું કહીને યુનિવર્સિટી ઓફિસ ચાલ્યા જાય છે, આરાધ્યાના ચહેરા ઉપર અનહદ સ્મિત હોય છે અને આ સ્મિત લાવનાર પ્રયાગ હતો એટલે તે પ્રયાગ પાસે જઈને કહે છે, "ક્યા બાત હૈ પ્રયાગ દેસાઈ! આજ તો આપને બહુત જ્યાદા હિંમત દિખાઈ.. નોટ બેડ મિસ્ટર...."

"અરે એવું કંઈ નથી યાર, પણ જે જગ્યા વિષે કોઈ નથી જાણતું ને એ જગ્યા વિષે મને જાણવું ગમશે! યાર આપડા લીધે લોકો આ જગ્યા વિષે જાણશે કેટલું સારું રહેશે નહિ! આ જગ્યા ફક્ત મારા સુધી સીમિત ન રહેવી જોઈએ, આ જગ્યાથી આખી દુનિયા રૂબરૂ હોવી જોઈએ, ત્યારે સફળ થશે આપણું રીસર્ચ!"

"અરે આ બધું તો થઈ જશે પણ નીકળવું ક્યારે છે આ હવેલી માટે?"
"બહુ ઉતાવડ છે તને ત્યાં જવાની? કોઈ જૂનો સબંધ તો નથીને આ શ્રાપિત હવેલીથી?"

પ્રયાગ શ્રાપિત હવેલીમાં જવા માટે ખૂબ ઉત્સાહિત થઈ ચૂક્યો છે. એટલે તે આરાધ્યાને બધી વાતો છોડવાનું કહે છે ત્યારે આરાધ્યા તેને પૂછી લે છે કે,

"બઉ ઉતાવડ છે તને ત્યાં જવાની? કોઈ જૂનો સબંધ તો નથીને આ શ્રાપિત હવેલીથી?"

આરાધ્યાનો પ્રશ્ન સાંભળીને પ્રયાગ થોડા સમય માટે શાંત થઈ જાય છે કેમકે એ જાણતો હતો કે જો આરાધ્યાને આ વિશે કંઈ ખબર પડી તો એ ક્યારેય તેની સાથે શ્રાપિત હવેલી નહિ આવે! તેના મનમાં જે પૂર્વી અને આ શ્રાપિત હવેલી વિશે જાણવાની એક આશ હોય છે અને પ્રયાગ તેની અધૂરાશ પૂરી કરવા માટે કંઈપણ કરી શકે એમ હતો. પ્રયાગને વિચારમાં ડૂબેલો જોઈને આરાધ્યા હસવા લાગી જાય છે અને પછી કહે છે,

"એ ડરપોક, હું ફક્ત તારી ટાંગ ખેંચી રહી છું, એમાં આટલું સિરિયસ થવાની કોઈ જરૂર નથી. આ ડર શ્રાપિત હવેલી માટે બચાવી રાખ, ત્યાંની ડાયન માટે બચાવી રાખ, ત્યાં તને ખૂબ ડર લાગવાનો છે ડરપોક..."

આરાધ્યા આટલું કહીને ફરીવાર પ્રયાગ ઉપર હસવા લાગી જાય છે. આરાધ્યા પ્રયાગની મજાક બનાવી રહી હતી અને પ્રયાગ ચૂપચાપ પોતાની મજાક બનતાં જોઈ રહ્યો હતો. પ્રયાગ અત્યારે હાલ આરાધ્યાને કંઈપણ કહેવા માગતો જ ન હતો. એટલે તે આરાધ્યાની દરેક હરકતને સહન કરી રહ્યો હતો. કલાક જેટલો સમય પસાર થઈ ગયો હતો, પણ હજુ સુધી પ્રોફેસર શ્રેય ચૌધરી આવ્યા ન હતા. આરાધ્યા પોતાની ઘડિયાળ જોઈને કહે છે,

"અરે પ્રયાગ આ મિસ્ટર શ્રેય ચૌધરી ક્યાં રહ્યા! આપણે ક્યારના રાહ જોઈ રહ્યા છીએ, પણ એમનો કોઈ પત્તો જ નથી. યાર આપણે આપણી મરજીથી શ્રાપિત હવેલી જવા માગીએ છીએ તો એમાં એમને શું સમસ્યા હશે! યાર હવે હું ના નહિ સાંભળું બસ..."

અધૂરાશ

"તું યાર થોડીક શાંતિ રાખ! હજુ સુધી આપણને એકવાર ના કહી છે અને એની પછી આપણે આપણી જવાબદારી ઉપર જવા માટે તૈયાર થયા છીએ, હવે આપણને પરવાનગી મળી જ જશે! તું ચિંતા ન કર! મને લાગે છે કે પરવાનગી મળી જશે!"

"પણ પરવાનગી નહિ મળે તો!"

આરાધ્યાના ચહેરા ઉપર પહેલી વાર પ્રયાગને ચિંતા નજર આવી રહી હતી, જે જોઈને પ્રયાગ આરાધ્યા પાસે જઈને તેના ચેહરાને હાથ લગાવીને કહે છે,

"ડરપોક મને કહે છે અને અત્યારે સૌથી વધારે ડરેલી તો તું લાગે છે. જાણી શકું કેમ?"

"અરે હું ડરેલી નથી યાર; બસ ચિંતા થઈ રહી છે, કે ક્યાંક પરવાનગી નહિ મળે તો યાર આપણે નવી જગ્યા પસંદ કરવી પડશે અને હું યાર આ શ્રાપિત હવેલીમાં જવા માગું છું. બસ એટલે જ મને ચિંતા થઈ રહી છે અને મારા ચહેરા ઉપરથી આ પરસેવા રૂપી ધારા વહી રહી છે."

"અરે તું આટલું બધું ના વિચાર! પરવાનગી મળી જશે અને નહિ મળે તો આપણે અરજી આપીને જઈશું..."

"અરજી ની કોઈ જરૂર નથી...."

પાછળ થી કોઈકનો અવાજ સાંભળી પ્રયાગ અને આરાધ્યા ચોંકી જાય છે અને પાછળ તરફ જુએ છે, પાછળ મિસ્ટર શ્રેય ચૌધરીને જોઈને તે બંનેના ચહેરા ઉપર થોડી ઉમ્મીદ જાગી ઊઠે છે. શ્રેય ચૌધરી આવીને પોતાના ટેબલ ઉપર બેસી જાય છે. પ્રયાગ અને આરાધ્યા તેમની સામે ટકર ટકર જોઈ રહ્યા હતા.

"આરાધ્યા, પ્રયાગ, મેં યુનિવર્સિટીમાં વાત કરી લીધી છે અને એ લોકો તમને પરવાનગી આપવા માટે તૈયાર છે પણ એની પહેલા તમારે થોડી બોહેધરી આપવી પડશે."

મિસ્ટર શ્રેય ચૌધરીની વાત સાંભળીને આરાધ્યા પ્રયાગ એકબીજાની સામે જુએ છે. પછી આરાધ્યા પૂછે છે,

"સર બોહેધરી, પણ કઈ રીતે? અને શા માટે!."

"આરાધ્યા તમે લોકો એવા સ્થળ ઉપર જવા માટે યુનિવર્સિટીની પરવાનગી માગી રહ્યા છો, જેનું ગૂગલ કે કોઈ બુકમાં અસ્તિત્વ નથી. તમે જે સ્થળ ઉપર જવા માગો છો એના વિશે તમારી પાસે પૂરતી માહિતી પણ નથી. તમારે ત્યાં જઈને શું કરવાનું છે અને શું નહીં, એની પણ તમને ખબર નથી! યુનિવર્સિટી તમને પરવાનગી આપવા નહોતી માગતી પણ તમે લોકો ત્યાં પોતાની જવાબદારી ઉપર જવા માગો છો, એ વાતની આપ બંને એ બોહેધરી આપવી પડશે! લો આમાં યુનિવર્સિટી એ સંપૂર્ણ બાબત લખી દીધી છે. એને ધ્યાનથી વાંચી પછી નીચેની માહિતી ફીલ કરો અને નીચે તમારી સહી કરી મને પરત કરો!"

મિસ્ટર શ્રેય ચૌધરી આટલું કહીને બોહેધરી પત્રક પ્રયાગ અને આરાધ્યા તરફ લંબાવી દે છે. પ્રયાગ અને આરાધ્યા બોહેધરી પત્રક લઈને તેને વાંચવા લાગી જાય છે. તેમાં નિયમ આ પ્રકારના હતા.

1) તમે લોકો એક એવી જગ્યાએ જવા માગો છો, જેનું કોઈ અસ્તિત્વ છે કે નહિ! એ એક પ્રશ્ન છે.

2) અરવલ્લી ટેકરીઓમાં ગીચ જંગલ છે અને એની અંદર અનેકો ઝહેરીલા જીવ છે, આ જીવથી તમારા જીવને હંમેશાં ખતરો બની રહે એમ છે.

3) શ્રાપિત હવેલી તમને મળે કે ન મળે! પણ રીસર્ચ તમારે પૂરું કરવું પડશે! જો તમારા આ સફરમાં કોઈ મુશ્કેલી આવે તો તમે રીસર્ચ પૂરું કર્યા વગર પાછા નહિ આવી શકો.

4) રીસર્ચ દરમિયાન તમારી સાથે કંઇક અજુગતું થાય તો એની માટે તમે બંને જવાબદાર છો, બીજું કોઈ નહિ.

અધૂરશ

5) આમ રીસર્ચ માટે યુનિવર્સિટી અને સરકાર તરફથી આ વર્ષે 60% સહાય મળવા પાત્ર હતી, અને તમે લોકો તમારી જવાબદારી ઉપર શ્રાપિત હવેલીમાં જવા માગી રહ્યા છો, જેમાં યુનિવર્સિટી પરવાનગી આપતી નથી એટલે તમને ફક્ત 30% સહાય મળવા પાત્ર રહેશે.

6) તમે આ સંશોધન પૂર્ણ કરીને પરત આવશો અને આ દુનિયાને એક નવું સંશોધન આપશો તો આ યુનિવર્સિટી તમારો દરેક ખર્ચ અને 1,51,000 રૂપિયા અને ટ્રોફી તમને પ્રદાન કરશે!

બધા નિયમને પ્રયાગ અને આરાધ્યા ધ્યાનથી વાંચી લે છે અને એક બીજા તરફ જોઈને પોતાની બોહેધરી લખી દે છે. બોહેધરી લખ્યા પછી પ્રયાગ અને આરાધ્યા બોહેધરી પત્ર મિસ્ટર શ્રેય ચૌધરી તરફ લંબાવી દે છે. શ્રેય ચૌધરી ફરીવાર ઊભા થઈને કહે છે,

"હું યુનિવર્સિટી માંથી પરવાનગી પત્ર લઈને પાછો આવી રહ્યો છું, ત્યાં સુધી આપ બંને અહીં જ મારી રાહ જુઓ!"
"ઠીક છે સર."

પ્રયાગ તેમને જવાબ આપે છે અને પછી શ્રેય ચૌધરી ત્યાંથી યુનિવર્સિટી જવા માટે રવાના થઈ જાય છે. પ્રયાગ અને આરાધ્યાના ચહેરા ઉપર સ્મિત આવી ચૂક્યું હતું કેમકે તેમને પોતાની મંજિલ સુધી જવા માટે ઓલમોસ્ટ પરવાનગી મળી ચૂકી હતી. આરાધ્યા અને પ્રયાગ એકબીજાને સ્મિત આપે છે. થોડા સમય પછી શ્રેય ચૌધરી પાછા આવી જાય છે અને કહે છે,

"આરાધ્યા, પ્રયાગ તમે બંને ખૂબ નીડર અને બહાદુર છો! હું પહેલેથી જ તમારી સાથે હતો પણ હું યુનિવર્સિટીના બંધનમાં બંધાયેલો હતો! એટલે હું તમને પરવાનગી ન આપી શક્યો! ખરેખરમાં તો દુનિયા જે નથી જાણતી એ જાણવાની મજા અનહદ છે. હું તમારી સાથે છું, તમને કોઈપણ સહાયની જરૂર પડે તો મને બિન્દાસ અળધી રાત્રે પણ ફોન કરી દેજો! હું મારા દરેક કામ છોડીને તમારી મદદ માટે દોડ્યો આવીશ."

"Thank you સર, મને તમારી પાસેથી આજ ઉમ્મીદ હતી. હું તો પ્રયાગને પહેલેથી જ કહેતી હતી કે અમારું ભવિષ્ય તમારા હાથમાં એકદમ સુરક્ષિત છે. મને વિશ્વાસ હતો કે તમે અમારો સાથ અવશ્ય આપશો."

"હું તમારો ફક્ત ગાઈડ જ નથી, પણ તમારા બંનેના મોટા ભાઈ જેવો છું! તમે ગાઈડ તરીકે મને પસંદ કર્યો છે તો મારી ફરજ બને છે કે તમારી સાથે એક મોટા ભાઈ જેમ ઊભો રહીને તમને સપોર્ટ કરું, અને તમારી કામયાબી માટેના કાર્ય કરું. ચાલો હવે આ બધું છોડો અને મને બાકીની માહિતી લખાવો, જેથી તમે સમયસર નીકળી શકો."

પ્રયાગ અને આરાધ્યા શ્રાપિત હવેલી અને તેમના વિશે બધી જ માહિતી મિસ્ટર શ્રેય ચૌધરીને લખાવી દે છે. તો બીજી તરફ એક ભયાનક જંગલમાં એક લાલ સાડીમાં બેઠેલી મહિલા એક ગીત ગાઈ રહી હતી,

કહી દીપ જલે કહી દિલ,
જરા દેખ લે આ કર પરવાને,
તેરી કૌન સી હૈ મંજિલ,
કહી દીપ જલે કહી દિલ... ઓહોહો....
મેરા ગીત તેરે દિલકી પુકાર હૈ,
જહાં મૈં હું વહી તેરા પ્યાર હૈ,
મેરા દિલ હૈ તેરી મહેફિલ,
જરા દેખલે આ કર પરવાને.
તેરી કૌન સી હૈ મંજિલ,
કહી દીપ જલે કહી દિલ... ઓહોહો....

પોતાના પ્રેમીની યાદમાં જંગલ વચ્ચે બેઠા બેઠા પ્રેમના ગીત એક મહિલા ગાઈ રહી હતી. અચાનક એના ચહેરાને પવન અથડાય છે, અને એ સમજી જાય છે...

"પ્રયાગ તમે આવી રહ્યા છો....." ને ઉભી થઈને નાચવા લાગી જાય છે....

કોણ હતી આ મહિલા, જે પ્રયાગની વર્ષોથી રાહ જોઈ રહી હતી? શું આરાધ્યા અને પ્રયાગ શ્રાપિત હવેલી શોધી શકશે? જાણવા માટે બન્યા રહો મારી સાથે અધૂરશમાં! જ્યાં ડર સચ્ચાઈ બનીને કરશે વાર......

નિર્મોહી
એક અવાજ

નિર્મોહી પુબ્લિકેશન દ્વારા પ્રકાશિત જબરજસ્ત નવલકથા ખરીદો...

કર્તવ્ય - એક બલિદાન -

અંકિત ચૌધરી "શિવ"

લેખક પરિચય

મારી ઓળખાણ મારી માટે એક દર્પણ સમાન છે, હું અંકિત ચૌધરી "શિવ" નામથી આખા ગુજરાતમાં પ્રચલિત થયો છું, મારું આખું નામ અંકિત શિવરામભાઈ ચૌધરી છે. મારા પિતા શિવરામભાઈ વ્યવસાયે ખેતી સાથે સંકળાયેલ છે અને મારી માતા હેમીબેન એક સફળ અને આદર્શ ગૃહિણી તરીકે પોતાની ફરજ નિભાવી રહ્યા છે. નાનપણથી જ ભણવામાં ખુબ હોશિયાર હોવાને લીધે મારા માતા પિતા એ મને દરેક જગ્યા ઉપર ઉત્તેજન આપ્યું છે. મેં અભ્યાસ M.A. B.Ed અંગ્રેજી વિષય સાથે પૂર્ણ કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી લખવાનો શોખ જાગ્યો, એટલે એ શોખને મારું પેશન બનાવીને મેં એમાં ઊંડા ઉતારવાનું શરૂ કર્યું. મેં લખવાની શરૂઆત કર્તવ્ય - એક બલિદાન અને પ્રેમ કે બદલો? નામની બે નવલકથા એક સાથે લખીને કરી હતી. જંતર મંતર, પ્રેમનો અંધકાર અને અધૂરાશ નામની નવલકથાઓ પણ લખી છે. આગળ પણ મારા શોખને મારું હથિયાર બનાવીને શિખર સર કરવાની કોશિશ કરતો રહીશ! ગુજરાતી સાથે સાથે હિન્દીમાં પણ લખવાનો શોખ ધરાવું છું, જેમાં હિન્દી ભાષામાં અનેક કાવ્ય લખી ચૂક્યો છું, જેના માટે વાંચકો દ્વારા મને ખુબ જ પ્રશંસા મળી છે, જેની માટે સહુનો આભાર વ્યક્ત કરું છું.

અંકિત ચૌધરી "શિવ"

NIRMOHI publication
9624244390

કર્તવ્ય
એક બલિદાન
અંકિત ચૌધરી "શિવ"

પ્રસ્તાવના:-

આ વાત છે એક એવી છોકરી મેઘાની, જેને માત્ર સોળ વર્ષની ઉંમરમાં જ તેના પિતાએ પચાસ વર્ષના પુરુષ જગા સાથે પરણાવી દીધી હતી.. તેના પતિ જગાએ પછી તેને ગુડિયા શેરી નામની બદનામ ગલીમાં વહેચી દીધી! ગુડિયા શેરીમાં આવ્યા પછી મેઘાની માન અને સન્માન માટેની લડાઈ શરૂ થઈ ગઈ હતી. મેઘા ગુડિયા શેરીમાં પોતાનું જીવન નિર્વાહ કરવા લાગી, એ દરમિયાન એને રોહન અનંત નામના બિઝનેસમેનથી પ્રેમ થઈ ગયો હતો. રોહન અને મેઘાનો પ્રેમ એટલો મહાન હતો કે ગુડિયા શેરીમાં રહેવા છતાં પણ મેઘા ગણિકા બનતી નથી! દોઢ વર્ષ જેટલો સમય ગુડિયા શેરીમાં વિતાવ્યા પછી મેઘાએ કેશવ નામની એક સુંદર દીકરીને જન્મ આપ્યો! મેઘાની દીકરી ગુડિયા શેરીનું ઉજ્જવળ ભવિષ્ય લઈને જન્મી હતી એટલે ગુડિયા શેરીમાં ચાલતા ધંધા કેશવના આવવાથી બંધ થઈ ગયા હતા.

થોડા સમય પછી મેઘા અને રોહનના લગ્ન કરાવવામાં આવ્યા અને મેઘા અનંત પરિવારનો હિસ્સો બની ગઈ! જ્યાં તેને પહેલાં ખુબ પ્રેમ મળી રહ્યો હતો પણ એક એમ. એમ. એસ. ના લીધે તેનું માન સન્માન દાવ ઉપર લાગી ગયું હતું! મેઘા પોતાનો તિરસ્કાર સહન કરી શકતી નથી એટલે તે પોતાની દીકરીને લઇને અમદાવાદ આવી ગઈ હતી. અમદાવાદ આવ્યા પછી મેઘા એક નવી ઓળખાણ સાથે આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન જોવા લાગી હતી, પણ તેના રસ્તામાં અવાર નવાર મુસીબત આવી જતી હતી. અવનિ દાસ ખુબજ મહેનત કરીને પોતાનું આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન હાસિલ કરી લીધું હતું! અવનિ દાસના આત્મનિર્ભર બન્યા પછી દિલ્હી સરકાર દ્વારા તેનું દિલ્હીમાં સન્માન કરવામાં આવ્યું, જ્યાં રોહન પણ પહેલાંથી હાજર હતો. વર્ષો બાદ રોહન અને મેઘાનું પુનઃ મિલન થયું અને મેઘા આખરે એક સન્માન ભરી જિંદગી જીવવા લાગી હતી.

ઈવા પટેલ.

Notion - https://bit.ly/3jTA5dC
Amazon - https://amzn.to/3BXNRCi
Flipkart - https://bit.ly/2X0xIgB

કિંમત - 200
પેજ - 170
વજન - 350 ગ્રામ

સ્વતંત્રતા સ્પર્ધામાં વિજેતા વાર્તા - લાલા હરદેવ

સૌરાષ્ટ્રની ભોમકાનું નાનકડું ગામ પીઠડીયા. મા પીઠડાઈના પાવન બેસણા હોય ત્યાં કોઈ પીડા ડોકાય ખરી! પીઠડીયા ગામ રાજવી વાજસુરવાળાના તાબા નીચેનું પાવન ગામ! ગામ લોકોને રાજવી પર પૂરો ભરોસો ને રાજવી પણ પ્રજાવત્સલ. આવા રાજવીની રાજસતાનો ડંકો ચોમેર વાગે, તે ઈર્ષાળુ લોકો કેમ સાંખી શકે ? આવા રાજવી સ્વાર્થી લોકોની આંખમાં કણાની માફક ખૂંચતા હોય.

કહેવાય છે ને કે એક સરખા દા’ડા કોઈના હોતા નથી. સુખ-દુ:ખ, તડકા-છાયા તો જીવન સંગ્રામે આવતાં જ હોય. એ ન્યાયે વાજસુરવાળાને ક્ષયનો વ્યાધિ લાગુ પડ્યો. શરીર દિવસે દિવસે ક્ષીણ થતું ચાલ્યું. કુંવર તો હજુ સાત વરસના થયા હતા. રાજવીને મરણ સામે દેખાય પણ ઉપાધિમાં પ્રાણ જતા નહીં. ઠકરાણાથી ધણીનું દુ:ખ જોયું ના જાય! તે દ્વારકાધીશને ધણીના આત્માની સદગતિની પ્રાર્થના કરે. એમની પ્રાર્થના ફળી અને રાજવી વૈકુંઠે સિધાવ્યાં. પાટવી કુંવર નાના હોવાથી ઠકરાણાએ એકલા હાથે રાજ કારભાર સંભાળી લીધો. કોઠાસૂઝ ભરેલા ઠકરાણાનો રાજ વહીવટ તો દરબારનેય ટપી ગયો. ક્યાંય કોઈ ચૂં કે ચાં નહીં. આમ કરતાં કુંવર ૧૮ વર્ષના થયાં.

૧૮ વર્ષના કુંવરને રાજભાર સોંપી દઈ હવે ભક્તિનું સુકાન સંભાળવાનું ઠકરાણાએ વિચાર્યું અને રાજસભા મધ્યે નિર્ણય લેવાયો કે ચૈત્ર સુદ નવમીના દા’ડે પાટવી કુંવરને રાજ તિલક કરવું! આ સમાચાર આખા પંથકમાં ફેલાઈ ગયા. ખબર સાંભળતા જ વિરોધીઓના પેટમાં તેલ રેડાયું. શિવરાત્રીના દિવસે રાજ્ય પર ઓચિંતુ આક્રમણ કર્યું. ગાયોના ધણને વાળી લીધું ને કુંવારી દીકરીઓના અપરણ કરી જવા બહારવટિયા બની આવ્યાં. તૈયારી વગર રણસંગ્રામ થોડો જીતાય ? પણ પાટવી કુંવરના મિત્રોએ કહ્યું: ચિંતા ના કરશો અમે ગાય માતા અને ગૌરીના રક્ષણ કાજે પૂરી હિંમતથી લડીશું અને ગાયોના ધણને તેમજ કુંવારી દીકરીઓને પાછા વાળીને લાવશું!

આવી શૌર્ય ભરેલી વાણી સાંભળી માતાઓની છાતી ગજ-ગજ ફૂલવા લાગી. મૂછના દોરા હજું ફૂટ્યાં જ છે એવા નરબંકાઓ સિંહની જેમ ડણક દેતા સંભળાયા પણ માવડીઓના જીવ તો પડીકે બંધાઈ જાય ને! ઠકરાણા કહે : “કુંવર જવા દો.” પણ યૌવન ઝાલ્યું ઝલાય? અરે ! અમારી માવડીના દૂધ લાજે, મસાણે સુતા બાપાની મરજાદા જાય. સાત સાત પેઢી નર્કે જાય ખરુ ને? નરબંકાઓની આવી શૌર્યભરી વાણી સાંભળી ઠકરાણા સહિત ગામની સ્ત્રીઓએ પોતાના નવલોહિયા દીકરાઓને કુમકુમ તિલક કર્યાં ને ખોબલે ખોબલે વિજયના આશીર્વાદ આપ્યાં. કોડ ભરેલી પત્નીઓએ કહ્યું:” જાઓ! સિધાવો, સંગ્રામે, ફતેહ કરો. કાં મારજો ને કાં મરજો પણ રણભૂમિથી પીછેહટ કરી ના આવશો. અમે કાયરની પત્નીનું કલંક પામી જીવવા માગતા નથી;” ત્યારે વીર યોધ્ધાઓ એકી સાથે બોલી ઊઠયાં:” મા ગૌરી અને કુંવારા ધનને ઉઠાવી જનાર શત્રુઓને રણમાં રોળીને, સામો પડકાર કરી પછી જ પાછા મળીશું.

કહેવાય છે ને કે જેનો સંકલ્પ દ્રઢ હોય તેને કોઈ ચળાવી શકે નહીં. માર માર કરતા ઘોડાને દોડાવી, શત્રુઓને અર્ધે રસ્તે જ ઘેરી લીધાં. કોઈને જોટાળી બંદૂકે, કોઈને પાટા મારી પછાડ્યાં તો કોઈને બાવડેથી પકડી ફેંક્યાં. કેટલાય પડ્યાં. તો કેટલાય આંખડિયા હાકલા, પડકારા ને દે માર થઈ ગયું. શત્રુના સૈન્યનો કચ્ચરઘાણ નીકળી ગયો. થોડા ઘણાં બચ્યા તે પીઠ બતાવી, કાયર થઈને ભાગવા લાગ્યાં. મા ગૌરી અને દીકરીઓનું રક્ષણ થયું. યુવાનોમાં રહેલી આત્મવિશ્વાસની શક્તિ, શૌર્ય અને વીરતાને કારણે જ યુદ્ધમાં વિજય થયો.

ફતેહ મળતાં જ બધાં વીરો ખુશી મનાવતા એકઠા થયાં પણ લાલો હરદેવ ક્યાં ? લાલા હરદેવે એકલે હાથે ૪૦ શત્રુઓને ધામ પહોંચાડી દીધા હતાં. મરેલા સૈનિકોની લાશોને વળોટતા લાલા હરદેવને ગોતવા નીકળી પડ્યાં. જોયું તો લાલા હરદેવના આંતરડા નીકળી ગયેલાં તોય હાથમાં તલવાર લઈ લડ્યો. સૌના મોંમાંથી શબ્દો સરી પડ્યા કે “ વાહ જવામર્દ ! લાલા હરદેવ વતન માટે ફના થઇ જનારા તને સો સો સલામ." લાલા હરદેવના પાર્થિવ દેહને સન્માન સાથે લાવવામાં આવ્યો અને લોકો દર્શન કરી ધન્ય થાય તે માટે તેને ગામના પાદરમાં રાખ્યો. ગાયોનું ધણ અને દીકરીઓને લઇને હેમ ખેમ પાછા ફરેલા શૂરવીરોને જોઈ માતાઓ પોતાના દીકરાઓના કપાળને ચૂમી રહીં હતી. લાલા હરદેવની માતાની આંખો લાલાને ખોળતી જ રહીં ગઈ પણ ક્યાંય લાલો દેખાયો નહીં; ત્યારે પાટવીકુંવરે કહ્યું કે તમારા દીકરો શૌર્યથી લડતો લડતો શહીદ થયો.

સ્વતંત્રતા સ્પર્ધામાં વિજેતા વાર્તા - લાલા હરદેવ

આ સાંભળી તેની માતાના મુખેથી શબ્દો સરી પડ્યા કે “ વાહ વાહ ! મારા લાલ તું તો કીર્તિના કોટડા ચણતો ગયો. મસાણે સૂતેલા બાપનું નામ ઉજાળ્યું. મને તારી જનેતા હોવાનો ગર્વ છે; પરંતુ એક વાતનો ખેદ છે કે ભવિષ્યમાં આવનારી આપતિ સામે લડનાર શૂરવીર મારે આંગણેથી અસ્ત થયો. મને અફસોસ એટલો જ છે કે તારા આંગણે પારણિયુ બંધાયુ નથી. જો ઈશ્વરે આ સુખદ ઘડી આપી હોત તો હું તેને તારાથી સવાયો શૂરવીર બનાવી તેની રગેરગમાં ઉત્કૃષ્ટ દેશપ્રેમની ભાવનાના ઝરણાં વહેવડાવી તેને બાહોશ લડવૈયો બનાવત. આજે આવેલી આપદા જેવી ભવિષ્યની આપદાઓથી વતનની રક્ષા કાજે ઢાલ બનીને ઊભો રહે એવો વીર અર્જુન બનાવત. પછી કોઈની મજાલ છે કે આવી અર્જુન સમી ઢાલ હોય તો ત્યાં કોઈ શત્રુની મજાલ છે કે નજર બગાડી શકે, વતનને નુકસાન પહોંચાડી શકે! પરંતુ અફસોસ છે કે હું આ નહીં કરી શકું કારણકે મારી પાસે પૌત્ર નથી. હે ઈશ્વર ! મારા આંગણે પાપા પગલી પાડનાર અને ચાનકીનો માગનાર હોત તો હું આટલી વ્યથિત ન થાત."

માતાના મુખેથી આવા નિરાશા ભરેલ વેણ સાંભળી લાલા હરદેવની પત્ની આવી અને બોલી:” બા ચિંતા કરો નહીં. મારા ઉદરમાં મારા ધણીનો અંશ પાંગરી રહ્યો છે. વતનની રક્ષા કરનાર શૂરવીર પિતાની પ્રતિકૃતિ સમ સાવજની માતા બનવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ વાત સાંભળતા જ ક્ષત્રિયાણીના સાતેય કોઠે પ્રકાશ વ્યાપી ગયો ને આ પ્રકાશે નિરાશાના અંધકારને યોજનો દૂર હડસેલી દીધો.

નિરાશા દૂર થતાં જ માતા બોલી ઉઠ્યાં કે “ વાહ દીકરા વાહ ! વતન કાજે શહીદી વહોરી લીધી ને સાથે સાથે અભિમન્યુ પણ આપતો ગયો. હવે હું ચિંતા મુક્ત બનીશ કારણકે મારા ઘરે પણ વતનની રક્ષા કરવા આતુર યૌવન થનગનતું હશે. મારા લાલ તને લાખ લાખ વંદન.”

લાલા હરદેવની માતાની આવી ભાવુક વાતો સાંભળી શોકના પ્રસંગે પણ લોકોની આંખોએથી હર્ષાશ્રુ સરી પડ્યાં. ને સૌ એકી અવાજે લાલા હરદેવનો જય જયકાર કરવા લાગ્યાં. શહીદ લાલા હરદેવનો જય જય કારનો નારો ગૂંજતો રહ્યો અને આ શબ્દો બ્રહ્માંડમાં વિલીન થઈ ગયાં. આવનારી પેઢીના યુવાનો લાલા હરદેવમાંથી પ્રેરણા મેળવી વતનની રક્ષા કરવા માટે તત્પર રહે તે માટે ગામનાં પાદરે, એના પાળિયાની રાજ તરફથી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આજે પણ આ પાળિયા સ્વરૂપે લાલા હરદેવ પૂજાય રહ્યાં છે. આ પાળિયાને દર વર્ષે અષાઢી બીજના નૈવેદ ધરાવવામાં આવે છે. લાલા હરદેવની માનતા લેનાર તેમને કડા (સુખડીનો) પ્રસાદ ધરાવે છે. લાલા હરદેવને કડાની (સુખડી) માનતા રાખનારની સઘળી મનોકામના પૂરી થાય છે. ગામની ગાયો અને ગૌરીને (કુમારિકાને) બચાવનાર વીર શહીદ લાલા હરદેવ આજે પણ ગામલોકોની રક્ષા કરતા ગામને પાદર પાળિયા સ્વરૂપે બિરાજી રહ્યાં છે. ગામ લોકોની માન્યતા છે કે કોઈ ચોર કે લુટારુ ગામમાં ચોરી કરવાના ઇરાદે આવે તો લાલા હરદેવની દેરી આગળ આવતાં જ તે વ્યક્તિ અંધ બની જાય છે અને તે પોતાના કુકર્મમાંથી બચી જાય છે. જે તે પરિસ્થિતિ વખતે યુદ્ધ કરીને રણમેદાનમાં શત્રુઓનો સંહાર કરી ગૌ દીકરીઓને અભય દાન દેનારા આ મહામાનવને સો સો સલામ.

પીપલીયા જીવતી "જયશ્રી"

ઈવા પટેલ

શહેર - અમદાવાદ
વ્યવસાય - હેલ્થકેર પ્રોફેશનલ

સુખની સવારી

વર્ષાઋતુમાં થતા સામાન્ય અને ચેપી રોગ

મોટા ભાગના રોગો વાતવરણમાં ભેજ , મચ્છર , દૂષિત પાણી ખોરાકના લીધે થાય છે.

1. ડેન્ગ્યુ :

આ વર્ષાઋતુમાં મચ્છરનો ઉપદ્રવ વધી જવાથી અને એડીસ એજીપ્ત મચ્છર કરડવાથી ડેન્ગ્યુનો રોગ થાય છે .

દર્દીને હાઇ ગ્રેડ તાવ આવવો , શરીર પર લાલ ચકામા પડવા, માથું દુઃખવુ, લોહીમાં પ્લેટલેટ્સ ઘટી જવા જેવા લક્ષણો દેખાય છે.

2. ચિકન ગુનિયા :

પાણી ભરવાની ટાંકી, કુલર, ફૂલઝાડના રોપા, પાણીની પાઈપમાં એડીસ અલ્બૉપિક્ટસ મચ્છરના ઉપદ્રવનું સ્થાન માનવામાં આવે છે. ડેન્ગ્યુ જેવા જ ચિન્હો લક્ષણો દર્દીમાં જોવા મળે છે. તે ઉપરાંત સાંધાનો અસહ્ય દુઃખાવો, સાંધા જકડાઈ જવા, થાક લાગવો, ઠંડી લાગીને તાવ આવે છે.

3. મેલેરીયા :

મેલેરીયા એનોફીલીસ માદા મચ્છર કરડવાથી ફેલાય છે.

ઠંડી લાગીને તાવ આવવો, વધુ પડતો પરસેવો થવો, શરીરનો દુઃખાવો આ બધા લક્ષણો દર્દીમાં જોવા મળે છે.

4. સ્ટમક (હોજરી)માં ચેપ, ઝાડા, કોલેરા :

પ્રદૂષિત પાણી અને ખોરાક ખાવાથી થાય છે. ઉપરાંત સ્વચ્છતાનો અભાવ પણ એક કારણ મનાય છે. પાણી જેવા દુર્ગંધ મારતા ઝાડા અને ઉલટી મુખ્ય લક્ષણો છે.

બીપી ઘટી જવું , સ્નાયુઓ ખેંચાય, હ્રદયના ધબકારા વધી જવા, મોઢું સુકાય છે. ઝાડામાં લોહી પડવું.

તાત્કાલિક સારવારના મળે તો શરીરમાંથી પાણી નીકળી જાય છે, ઈલોક્ટ્રલાઈટ ઈમબેલેન્સ થવાથી દર્દીનું મરણ થાય છે.

5. ટાયફોઇડ:

ખુબજ ચેપી રોગ મનાય છે પ્રદૂષિત ખોરાકને પાણીથી ફેલાય છે.

લાંબા સમયથી હાઈગ્રેડ તાવ આવવો, અશક્તિ લાગવી, પેટમાં દુઃખાવો થવો, કબજિયાત, માથાનો દુઃખાવો, ઉલ્ટી મુખ્ય લક્ષણો જોવા મળે છે. સારવારના લેવામાં આવે તો આંતરડામાં ચાંદા પડી જાય છે.

6. વાયરલ તાવ, શરદી, ખાંસી ફ્લૂ :

આ રુતુમાં ભેજને કારણે વાઈરસનો ઉપદ્રવ વધે છે. રોગ પ્રતિકાર શક્તિ ઓછી હોય એ આ રોગોનો ભોગ બને છે.

તાવ, શરદી અશક્તિ, સુકી ખાંસી થાક જેવા લક્ષણો હોય છે.

વર્ષાઋતુમાં થતા સામાન્ય અને ચેપી રોગ

7.લેપ્ટોસ્પાયરોસીસ ;

પ્રાણી, પશુમાંથી બેક્ટેરીયલ દ્વારા માનવમાં ફેલાતો રોગ છે. વાગેલાના ખુલ્લા ઘા વાઢીયા ચીરા દ્વારા આ બેક્ટેરીયા શરીર માં પ્રવેશે છે. દર્દીને હાઈ ફીવર માથું શરીર દુઃખવુ, સ્નાયુઓ ખેંચાવા, પેટમાં દુઃખવુ, ઝાડા થવા, ચામડી પર ઝીણી ફોલ્લીઓ થવી જેવી ફરિયાદો હોય છે.

ઉપર જણાવેલ તમામ રોગોમાં ડો.ની તરતજ સલાહ લઈ સારવાર શરૂ કરવી.

આ રોગો થતા કેવી રીતે અટકાવવા?

1) ઘર અને આસપાસનો વિસ્તાર મચ્છર મુક્ત રહે એનુ ધ્યાન રાખવું.

2) મચ્છર ભાગે અથવા મરી જાય એવા ઉપકરણ, ક્રીમ, કોઈલ, મેટ, મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

3) આખી બાંયના કપડાં પહેરવા.

4) સમુહમાં ઘીચ વસ્તીમાં જવાનું ટાળવું ત્યાંથી વાઇરલ ચેપ લાગવાની શક્યતાઓ વધુ હોય છે

5) પાણીજન્ય રોગોથી બચવા ઉકાળેલુ પાણી પીવું.

6) પેટ અને આંતરડાના રોગોથી બચવા ઘેર બનાવેલો તાજો સાત્વિક ખોરાક ખાવો.

7) ઘરમાં પુરતો સૂર્યપ્રકાશ આવે, એ માટે બારી બારણા ખુલ્લા રાખવા.

8) જમતાં પહેલાં હાથ અચુક ધોવા.

9) ગંદા હાથે નાક, મોમાં પર અડ્વુ નહિં.

10) ખુલ્લા પગે પાણીમાં ના જવુ! બેક્ટેરિયા ચેપની શક્યતાઓ ગ્રામ્ય વિસ્તારમાં વધુ રહેલી હોય છે.

કેવી રીતે આ રોગથી બચવું?

વિટામિન સીનું ઇન્ટેક વધારો : વરસાદની ઋતુમાં કેટલાય પ્રકારના વાયરસ અને બેક્ટેરિયા એક્ટિવ થઇ જાય છે. જેના કારણે આ ઋતુમાં વાયરલ ફીવર, એલર્જી વગેરે ખૂબ જ સરળતાથી કોઇને પણ થઇ શકે છે. એટલા માટે જરૂરી છે કે આ ઋતુમાં આપણે વધારે વિટામિન સી યુક્ત ભોજન કરીએ. ઉદાહરણ તરીકે સ્પ્રાઉટ, ગ્રીનવેજિટેબલ, ઑરેન્જ વગેરે.

જન્ક ફૂડથી દૂર રહો : આ ઋતુમાં જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઘરનું ભોજન કરો. જંક ફૂડ અથવા સ્ટ્રીટ ફૂડ પર કેટલાય પ્રકારના જોખમી માઇક્રોઑર્ગેનિઝ્મ જન્મ લે છે. જે આપણા શરીરને ટૉક્સિક કરીને બીમાર બનાવી શકે છે.

ઇમ્યૂનિટીનું ધ્યાન રાખો : તમારી ઈમ્યૂનિટી મજબૂત બનાવે તેવો આહાર લો. તાજા ફળ, શાકભાજી વગેરેનું સેવન વધારેમાં વધારે કરો.

પ્રોબાયોટિક્સનો ઉપયોગ કરો : તમારા આહારમાં દહીને સામેલ કરો. તેમાં રહેલા પ્રોબાયોટિક્સ પેટના ગુડ બેક્ટેરિયાને હેલ્ધી બનાવે છે અને આપણને કેટલીય બીમારીઓથી બચાવે છે. દક્ષિણ ભારતીય ફૂડ પ્રોબાયોટિકનો સારો સ્ત્રોત હોય છે. તેમાં ઇડલી, ઢોસા અને આથા યુક્ત ખાદ્ય પદાર્થ તમારા સ્વાસ્થ્ય માટે યોગ્ય હોય છે.

આથા વાળા ખોરાકને પ્રાધાન્ય આપો ; આથા વાળા ખોરાકના પોષક તત્ત્વોનું પ્રમાણ વધી જાય છે. એવામાં આ ખોરાકને પોતાના ખોરાકમાં સામેલ કરવુ સ્વાસ્થ્ય માટે યોગ્ય રહેશે.

સ્વચ્છતા પર ધ્યાન આપો : આ ઋતુમાં તો હાઇજીના વધારે જરૂરી હોય છે. જો કે કોરોના કાળમાં આપણે હાઇજીનનું મહત્ત્વ સમજ્યા છે અને હવે આપણી આદતોમાં પણ તેનો સમાવેશ થઇ ચુક્યો છે.

સંકલન - ઈવા પટેલ

નિર્મોહી
એક અવાજ

Congratulations

Eva patel

world voice international human rights ambassador of India

વિચારોની લહેર

એક વાત કહું માસિકધર્મની...

આમ તો બધાને આ વર્ડ વિશે ખ્યાલ જ હોય છે માટે વધુ મારે કંઈ જ કહેવાની જરૂર નથી પણ છતાં માસિક ધર્મ અને સ્ત્રીઓની સ્થિતિ વિશે જેટલું લખીએ એટલું ઓછું છે.

આ રસ કરતા વધુ સ્ત્રીઓની પીડાનો વિષય છે, ઘણા અસભ્ય લોકોને સ્ત્રીઓની આવી પ્રોબ્લેમ્સથી ગલગલીયા થતા હોય પણ આ કોઈ હાંસી ઉડાવવાનો વિષય નથી.

તમારી અસરપરસ રહેતી સ્ત્રીઓ, તમારી માતા, બહેન કે પત્ની, દીકરી આ સમયમાંથી જ્યારે પસાર થતી હોય ત્યારે એમને લાગણી હૂંફની સાથે થોડી માવજતની પણ જરૂર પડે છે.

માસિકધર્મ એ સ્ત્રીઓના જીવનનો એક ભાગ છે, જેના વગર માતૃત્વ ધારણ ન કરી શકાય પણ તેની તકલીફ પણ એટલી જ છે, જે સહન ન કરી શકાય ન કહી શકાય. (છતાં બધી જ સ્ત્રીઓ દર મહિને એ સહન કરે છે અને પોતાની જવાબદારીઓ પણ નિભાવે છે)

મેં ઘણી જગ્યાએ જોયું છે કે આ દિવસો દરમિયાન ખૂબ જ ભેદભાવ રાખવામાં આવે છે પણ તેની પાછળ ઘણા એવા કારણો છે જેનો ઉલ્લેખ આવનાર આર્ટિકલમાં જરૂરથી કરીશ.

પીરિયડ્સ શું છે? ને શા માટે આવે છે?

કેટલી પીડા આપે છે?

તેના ફાયદા તેના નુકસાન,

ધ્યાન રાખવાની બાબત,

મૂડ સ્વીન્ગ્સ, હેલ્થ ટિપ્સ

માન્યતાઓ અને તથ્ય અને બીજું ઘણું બધું, જે તે આર્ટિકલમાં હતું અને હું ફરીથી યાદ કરી કરીને, સર્ચ કરીને વિગતવાર આ આર્ટિકલ લખીશ જ.

પણ અત્યારે બસ એક નાની એવી વાર્તા કહેવી છે, રિયલ સ્ટોરી છે.

એક છોકરી પોતાના ભાવિ પતિ માટે ઘણા સપનાઓ જોતી હોય છે અને એ પતિ મળે ત્યારે તેની સેવાઓમાં લાગી જતી હોય છે. લગ્ન પહેલા ભાવિ પતિ માટે એ ઘણું કરતી હોય છે જેથી તેનો પતિ પણ તેને ચાહે.

આવી જ રીતે એક છોકરી પોતાના ભાવિ પતિ માટે કે જેને ઘણા દિવસો સુધી ચાલનાર ઉપવાસ હોય છે, તેના ઉપવાસ માટે એ રોજ તેને મળવા જાય છે કારણ કે એ નથી ઇચ્છતી કે તે વ્યક્તિ ભૂખ્યો રહે અને કામ કરે.

છોકરી રોજ છોકરા માટે ફરાળી વાનગીઓ બનાવીને લઈ જાય, રોજ અલગ અલગ ફળ અને ફળોના રસ, ફરાળી આઈસ્ક્રીમ ને રોજ કંઇક ને કંઈક અલગ અલગ લઈ જાય. જેથી એ માણસને તકલીફ ન પડે, એ ભૂખ્યો ન રહે. ઉપવાસમાં ભૂખ્યા પેટે તેને કામ ન કરવું પડે.

છોકરાની સાથે જાણે છોકરીને પણ ઉપવાસ હોય તેમ એ પણ જમતી નથી અને રોજ પોતાના ઘરેથી સ્પેશિયલી પોતાના ભાવિ પતિ માટે ફરાળ લઈને જાય.

આવી જ રીતે એક દિવસ છોકરી ફરાળ લઈને છોકરાની ઓફિસે ગઈ, છોકરો બિઝી હતો વર્કમાં એટલે એણે છોકરી સામે જોયું પણ નહીં, જેવી મિટિંગ ખતમ થઈ છોકરી છોકરા પાસે બેસીને તેને જમાડવા લાગી.

આ જોઈને છોકરો બોલ્યો, "કેટલી સંભાળ રાખે છે તું મારી"

એક વાત કહું માસિકધર્મની

"હું બસ મારો પત્નીધર્મ નિભાવુ છું", છોકરીએ હસીને કહ્યું, સાથે ઓફિસમાં રહેલા સ્ટાફના લોકોને પણ તેણે જમાડ્યા. છોકરીને ખબર જ હતી કે ફક્ત એક માટે બધું લઈને જાય તેના કરતાં અન્ય લોકોને માટે પણ કંઈક કરવુ જોઈએ.

છોકરાએ પ્રેમથી ફરાળ કર્યો અને પછી તેને યાદ આવ્યું કે તેને ભગવાનની નવી મૂર્તિઓ ઓફિસમાં રાખવાની છે, એ તો ગંગાજળ ને બધું મંગાવા લાગ્યો. છોકરી એ યાદ અપાવ્યું કે જમણી વગર પ્રભુને બિરાજમાન ન કરાય.

બધો સામાન આવી ગયો, છોકરો પોતાના સ્ટાફ સાથે ઑફિસના મંદિર તરફ જતો રહ્યો, છોકરી રાહ જોઇને બેસી રહી કે હમણાં મને પણ બોલાવશે મારો ભાવિ પતિ પૂજા કરવા માટે.

પણ છોકરાએ સ્ટાફ સાથે જ પૂજા શરૂ કરી દીધી અને થોડીવાર પછી તેને યાદ આવ્યું કે જમણી તો ત્યાં ટેબલ પર જ ભુલાઈ ગઈ છે. તેણે ટેબલ તરફ જોઈને કહ્યું,"જમણી ત્યાં છે?" છોકરીએ કહ્યું,"હા" અને તે જમણીને ઉપાડવા જતી હતી ત્યાં છોકરાએ રાડ નાંખીને કહ્યું,"તું ન અડતી"

છોકરાએ સ્ટાફના વ્યક્તિને મોકલ્યો જે જમણી લઈ ગયો, છોકરાએ સ્ટાફના વ્યક્તિઓ સાથે જ પૂજા કરી અને છોકરીને દુ:ખ લાગ્યું કે મને શા માટે ના પાડી. તે વિચારતી હતી,"શું હું અશુદ્ધ છું?"

છોકરો પોતાની ભાવિ ધર્મપત્નીને ઇગ્નોર કરીને દેવીની પૂજા કરતો હતો, ભગવાન પ્રસન્ન થઈને એનું વધુ કલ્યાણ કરે એવું ઇચ્છતો હતો.

એક કહેવત છે,"ઘરમાં રહેલી દેવીને સુખી રાખો મઢવાળી દેવી આપોઆપ ખુશ થઈ જશે"

"ઘરના ઉંબરે રહેલી માઁને ખુશ રાખો તો ડુંગરે બેસેલી માઁ આપોઆપ ખુશ થઈ જશે"

છોકરીને બહુ ગુસ્સો આવ્યો, તેનો ચહેરો ઉતરી ગયો, નિરાશામાં રડવાની તૈયારી હતી જ પણ સ્ટાફના લોકોની સામે કંઈ જ ન કહ્યું. ચૂપચાપ પોતાના ભાવિ પતિને જમાડીને ઘરે જતી રહી.

સમય મળ્યે ફરી વાત તો કરી જ પોતાના ભાવિ પતિ સાથે કે,"મને પૂજામાં સામેલ કેમ ન કરી?, હજુ આપણા લગ્ન નથી થયા એટલે?" , "ના એવું નથી પણ તું સ્ત્રી છો"

"તમે સ્ત્રીની પૂજા નથી કરતા, ભગવાનનાં રૂપમાં પણ સ્ત્રી તમને અશુદ્ધ લાગે છે?"

"ના પણ તારે માસિક હોય અને આ પૂજા મારા ધંધા માટે હતી, મારો બિઝનેસ ચોપટ થઈ જાય જો તું માસિક ધર્મ સાથે બધું અડે તો"

"મારામાં એટલી બુદ્ધિ તો છે જ કે મારે માસિક ધર્મ હોય તો હું તમને તમારા ઉપવાસમાં જમાડવા ન આવું" , "પણ મને એમ કે તારે માસિક હશે"

"હું આ બધી બાબતોમાં નથી માનતી પણ તમે માનો છો તો શું હું ખરેખર તમારો ઉપવાસ તોડાવા કે તમને મળવા આવું?
મારે હાલમાં માસિકધર્મ નથી ચાલી રહ્યો"

"લેડીઝની આ જ પ્રોબ્લેમ્સ છે પણ અમારા બિઝનેસમાં કંઈક થઈ જાય જો તમે તમારા એવા દિવસોમાં અમારા ભગવાનને અડો તો"

"વાહ!, લગ્ન પછી આપણી દીકરી થશે તો તમે તેને પણ અશુદ્ધ કહીને ઘરની બહાર કાઢી નાંખશો?, હું તો ઠીક કોઈ અન્યની દીકરી છું ને મારે પીરિયડ્સ પણ નથી છતાં મારી સાથે તમે આવું કરી શકો પણ તમારી ખુદની દીકરી જ્યારે આ પરિસ્થિતિમાંથી પસાર થશે ત્યારે તમે તેને પણ કહેશો કે મારે ઉપવાસ છે, પૂજા થાય ત્યારે દીકરી તું ઘરમાં ન રહેતી"

છોકરો પોતાની સંકુચિત માનસિકતા સાથે આગળ કંઈ જ ન બોલ્યો અને છોકરી રડતી રહી. બન્નેનું આગળ કોઈ ફ્યુચર ન હતું માટે આવી ઘણી બાબતો પછી હમેશાં માટે અલગ થઈ ગયા.

નેહા વારસુર

"વૃધ્ધાવસ્થા પૂર્ણ વિરામ નથી, ચલો ફરી સારી રીતે જીવી લઈએ

માતૃ દેવો ભવઃ
પિતૃ દેવો ભવઃ
વડીલ વંદના
તારીખ : ૧૨.૦૯.૨૦૨૧

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ! ।।**

આ વાતને ચરિતાર્થ કરી રંગાકુઈ વિસનગર ગામની દીકરી આદરણીય જ્યોત્સનાબેન ચૌધરીએ દેશ અને દુનિયાની નજરમાં એક આગવી ઓળખ, વડીલોનું સન્માન કરીને ઊભી કરી છે. અત્યારના યુગમાં જ્યારે માતા પિતા અને વડીલને એમના જ સંતાન દ્વારા અને અન્ય લોકો દ્વારા બોજ સમાન માનવામાં આવે છે. ત્યારે આજના સમયમાં જયોત્સનાબહેન દ્વારા આ તથ્યને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવામાં આવ્યું છે. જ્યોત્સના બહેન દ્વારા એમની માતાનું જ નહિ, પણ રંગાકુઇ ગામના તમામ વડીલની આરતી ઉતારીને એમનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું, ખરેખરમાં બહેનનું આ કાર્ય વંદનીય છે. બહેન હંમેશાંથી સમાજ સેવામાં અગ્રેસર રહ્યાં છે.

તારીખ ૧૫-૧૦-૧૯૭૩ ના રોજ સામાન્ય ખેડૂત પરિવારમાં સ્વ. ચૌધરી સેંધાભાઈ રેવાભાઈના ઘરે જતનબાના કૂખેથી જન્મેલી દીકરી જ્યોત્સના બહેને આજે સમાજની વિચારસણી બદલવાનું નેતૃત્વ પૂરું પાડ્યું છે. નાનપણમાં જ આદરણીય બહેને એમના પિતાની છત્રછાયા ગુમાવી હતી, જેને લીધે બાળપણમાં જ બહેને ઘણા સંઘર્ષનો સામનો કરીને આ મુકામ સુધી પહોંચ્યા છે. આદરણીય જ્યોત્સના બહેન G.M.E.R.S. મેડિકલ કોલેજ હિંમતનગરમાં આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ તરીકે ફરજ નિભાવી રહ્યા છે. હંમેશાંથી શિક્ષણ પ્રેમી રહેલ જ્યોત્સનાબહેનના પરિવારે આજે વિદ્યાર્થીઓના યોગ્ય ઘડતરને ધ્યાનમાં રાખીને એમના જ મકાનને સાર્વજનિક પુસ્તકાલયમાં પરિવર્તિત કર્યું છે. તારીખ ૧૨-૦૯-૨૦૨૧ ના રોજ બહેન શ્રી દ્વારા "વૃધ્ધાવસ્થા પૂર્ણ વિરામ નથી, ચલો ફરી સારી રીતે જીવી લઈએ" કાર્યક્રમ દ્વારા એક આગવી પહેલ કરી છે. જ્યોત્સના બહેનની આ પહેલને લીધે દેશ અને દુનિયામાં વૃધ્ધાવસ્થાને બોજ માનનાર માનવીના મનમાં સકારાત્મક વિચારોનું ઘડતર થશે અને માનવીના વિચારમાં યોગ્ય પરિવર્તન આવશે.

આ કાર્યક્રમમાં ચૌધરી સમાજના અગ્રણીઓ, રંગાકુઈ ગામ પંચાયતના તમામ સભ્યો, G.M.E.R.S. કોલેજના સ્ટાફ મિત્રો અને હેલ્થકેર પ્રોફેશનલ ઈવા પટેલે હાજરી આપીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અંકિત ચૌધરી "શિવ" & ઈવા પટેલ

કાવ્યગોષ્ઠિમાં વિજેતા બનેલ કાવ્યો

જો તું ન આવે નિર્મોહી..

ખબર પાડીને ચાહવું એ ,દ્રોહ કહેવાય પ્રેમ નહીં!
દુનિયા તુજને કહેશે દ્રોહી,જો તું ન આવે નિર્મોહી.

મારે હવે દુષ્કાળમાં વીત્યાં જેમ તેમ અધિક માસ,
અતીતના આંખે પડઘા પડે,જો તું ન આવે નિર્મોહી.

સુકાતું જળ છે ,ને હજુ એકાદ છે આંખે માછલી,
રણ મૃગજળ સુક્કા તળાવ,જો તું ન આવે નિર્મોહી

પાણીમાં દેખાય આખું આભ ને હોડીયું પાંગળી,
ઝાકળમાં વરસાદી ઝૂમખું,જો તું ન આવે નિર્મોહી

છાની લૂ પીધી ને ખાબોચિયામાં પડ્યા છે ટેરવાં,
ગગન જાણે નીચે ઝરણમાં,જો તું ન આવે નિર્મોહી

ઝાંઝવા તાપ મૃગજળ તૃષા સજ્જડ વ્યવસ્થા,
રણમાં ખીલે લાલ ગુલાબ,જો તું ન આવે નિર્મોહી

વિચારની કે નજરની કે જળ કે ચરણની જે પ્રેમની,
જગા બધી જ છે અનુકૂળ ,જો તું આવે નિર્મોહી.

બીજલ જગડ...

મોહ્યું મન નિર્મોહીમાં..

મુખડું વ્હાલું રે મોહ્યું મન નિર્મોહીમાં
વ્હાલાનાં દર્શન વિના જીવન ખારું
મોહ્યું મન નિર્મોહીમાં...

હું રંક સેવક તારો, તું ધન મારું
વહ્યા ભવ અનેક, સાચું સગપણ તારું
મોહ્યું મન નિર્મોહીમાં...

સંસાર છે તુચ્છ, મોહમાયા ત્યાગું
તું જ મારો આશ્રય, મને દાસ્ય તારું
મોહ્યું મન નિર્મોહીમાં...

મોક્ષદાયિની બંસરીના નાદ સ્મરું
કાન-ગોપીના રસનું વલોણું ઘૂમે ન્યારું
મોહ્યું મન નિર્મોહીમાં...

પ્રેમમણિનું તેજ તું, તારા વિના અંધારું
'ભરતદાસ'ને નિત્ય શરણ બસ તારું
મોહ્યું મન નિર્મોહીમાં...

ભરત સાંગાણી....

કાવ્યગોષ્ઠિમાં વિજેતા બનેલ કાવ્યો

મહેફિલ

કલમ સંગાથે..

સ્પંદનોને વ્યક્ત થવા મળ્યું મુક્ત ગગન,
નિર્મોહી સંગ નાતો જોડી ભરવી છે ઉડાન.

કલમ થકી કરીશ ક્રાંતિ, અસમાનતા મિટાવું,
ગરીબીની ખાઈ મટે તો, મનમાં ઘણી હરખાવું.

કલમરૂપી લૈ દંતાળ, મૂલ્યરૂપી બીજ વાવતી,
મા ભૌમ કાજે, શીશ વધેરતાં, રત્ન રૂડાં નિપજાવતી.

કલમ સંગાથે કાઢીશ, જગથી નિરાશાના તિમિર,
પ્રકાશના પરમ પગલે, પ્રસન્નતા રેલાવે સમીર.

કલમ બની ઘેલી, નિર્મોહી કેરી ને તે પણ બન્યું ઘેલું,
એકમૈવના બની સંગાથી, લખતાં રહેશું, શીખતાં રહીશું.

પીપલીયા જીવતી(જયશ્રી)

આવો આવો નિર્મોહી..

શારદા પર જઇ બલિહારી,
આવો આવો નિર્મોહી.

શબ્દ રથ પર કરી સવારી,
આવો આવો નિર્મોહી.

શીશ પર જ્ઞાન કળશ ધરી,
આવો આવો નિર્મોહી.

સૃજન સુધા સરસ છલકાવી
આવો આવો નિર્મોહી.

ગધ-પદ્ય પુષ્પો મહેકાવી,
આવો આવો નિર્મોહી.

શબ્દે-શબ્દે દીપ પ્રગટાવી,
આવો આવો નિર્મોહી.

નવ રંગે નિજને શણગારી,
આવો આવો નિર્મોહી,

ધર્મ, સંસ્કૃતિ સૂર્ય ઉગાડી,
આવો આવો નિર્મોહી.

માલિની ત્રિવેદી પાઠક

વ્હાલી નિર્મોહી

ગણેશ બાળગીત

સહુ ભેરુએ પંડાલ શણગાર્યા,
ઢોલ,નગારાં સાથે ગણેશજી પધાર્યા
અબીલ, ગુલાલની ઉડાડી છોળ રે...
એતો શિવ-પાવર્તીના બાળ રે..
ઢોલ-નગારાં સાથે ગણેશજી......

મૂષક સવારીએ ગણેશજી ફરતા,
એતો થૈ.. થૈ... થૈ... થૈ... નાચતા રે..
ખભે જનોઈ, પીળા પીતાંબર સોહતા,
એતો ડાબી સૂંઢ હલાવતા રે....
ઢોલ-નગારાં સાથે ગણેશજી.....

સૌ દેવોમાં ગણેશજી પ્રથમ પૂજાતા,
રિદ્ધિ-સિદ્ધિને સંગ લાવતા રે...
ગણેશજીને લાડુ, ને મોદક ધરાવતા.
ગણેશજી સહુના વિઘ્નો હરતાં,
ઢોલ-નગારાં સાથે ગણેશજી......

કેતના મહેતા

ઓનલાઇન ભણતર

ઓનલાઈન ભણતર કરાવે લ્હેર રે,
બાળકો કરતાં નિત્ય લીલા લહેર રે.

બાળકો મોબાઈલમાં ગેમ રમે રે,
માતા-પિતા જાણે ભણે છે રે.

નિત્ય નેટવર્કનાં બહાનાં બતાવે રે,
ભણવામાં દિલચોરી કરતાં રે.

નિતનવી એપ ડાઉનલોડ કરે રે,
કુમળી વય ઉપર આડ અસર રે.

ભાવના કોઈને કોઈ રમત રે,
બાળકો ઓનલાઇન ભણે રે.

આ ઓનલાઈન ભણતર શું કામનું રે,
સમજણ વગરનો આ તો વેપાર રે...

ભાવના ભટ્ટ

વ્હાલી નિર્મોહી

નિર્દોષ મિત્રતા

વનરાઈથી છવાયેલું ગામ એટલે વૃંદાવન. આ ગામની જેટલી તારીફ કરીએ એટલી ઓછી છે. આ ગામના દરેક લોકો મહેનતી અને પૈસે ટકે સુખી હતા. વૃંદાવન ગામમાં એક ધનાઢ્ય પરિવાર રહેતો હોય છે. જેમનો એકનો એક દીકરો રોહન! જેને કોઈ વાતે દુ:ખ નહોતું ; પણ ખૂબ પૈસા હોવાને લીધે એનો પરિવાર ક્યારે પણ રોહનને હવેલીની બહાર પગ મૂકવા દેતો નહિ! એટલે એના કોઈ મિત્રો પણ નહોતા.

એક દિવસ એના ઘરે કામ કરતો નોકર એના દીકરા અમનને લઈને હવેલી ઉપર આવે છે. આ દિવસ રોહનના જન્મથી લઈને આજ સુધીનો પહેલો એવો દિવસ હતો કે આ ધનાઢ્ય હવેલીમાં કોઈ બાળક આવ્યું હોય! અમન ધીરે ધીરે આખા ઘરમાં ફરી રહ્યો હોય છે ને અચાનક જ એ રોહનના રૂમ સુધી પોહચી જાય છે.

રોહન તેના રૂમમાં ઘણાં બધાં રમકડાંથી રમતો હોય છે. રોહનને રમતો અમર બહાર ઊભો રહીને નિહાળી રહ્યો હોય છે. રોહનની નજર અચાનક જ અમન ઉપર પડે છે. પહેલી વાર કોઈ એના હમ ઉંમર બાળકને જોઈ, રોહન ખુશ થઈ જાય છે. પછી રોહન તેને ઈશારો કરીને તેના રૂમમાં બોલાવે છે. રોહન અને અમન ખૂબ જ સમય સુધી સાથે રમે છે અને બંને વચ્ચે મિત્રતા બંધાઈ જાય છે. પછી તો રોજ અમન તેના પિતા સાથે આવતો ને રોહન સાથે આખો દિવસ રમતો! થોડા જ દિવસોમાં બંનેની મિત્રતા એટલી બધી ગાઢ થઈ ગઈ કે રોહન હવે એના મમ્મી પપ્પા જોડે જીદ કરવા લાગ્યો. "મારો મિત્ર આપણા ઘરમાં જ રહેવો જોઈએ!" પછી એના મમ્મી પપ્પા એ રોહનને બહુ સમજાવ્યો! પણ મિત્ર માટે રોહનની ભાવના અતૂટ હતી. એટલે રોહનના પિતા અમનને અહીં રાખવા માટે માની જાય છે. એ દિવસથી લઈને આજ દિવસ સુધી રોહન અને અમર સાથે છે કેમકે ગરીબી અને અમીરીથી ઉપર મિત્રતા છે..

સંપાદન

નીરજ ચોપરા ગોલ્ડન બોય...

નીરજ ચોપરાનો જન્મ 24 ડિસેમ્બર 1997 ના રોજ પાણીપત, હરિયાણા ભારતમાં થયો હતો. નીરજ ચોપરાના પિતા સતીશ કુમાર, તેમની માતા સરોજ દેવી અને બે બહેનો છે. નીરજ ચોપરાનો પરિવાર ખેતીવાડી સાથે સંકળાયેલ છે. નીરજ ચોપરા ગ્રેજ્યુએટ દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ ચંદીગઢથી થયા હતા.

સ્થાનિક બાળકોએ નીરજ ચોપરાને તેના બાળપણની સ્થૂળતા વિશે ચીડવ્યા કરતા હતા. જેને લીધે નીરજ ચોપરાના પિતાએ તેને મેડલૌડા ખાતેના એક અખાડામાં દાખલ કરાવ્યો; બાદમાં તેને પાણીપતના એક જીમમાં દાખલ કરવામાં આવ્યો. પાણીપતના શિવાજી સ્ટેડિયમમાં રમતી વખતે, તેણે કેટલાક બરછી ફેંકનારા જોયા અને પોતે ભાગ લેવાનું શરૂ કર્યું.

નીરજ ચોપરાએ નજીકના પાણીપત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (SAI) કેન્દ્રની મુલાકાત લીધી હતી, જ્યાં બરછી ફેંકનાર જયવીર ચૌધરીએ 2010 ની શિયાળામાં તેની પ્રારંભિક પ્રતિભાને ઓળખી હતી. ચોપરાની 40 મીટર ફેંકવાની ક્ષમતાને તાલીમ વિના જોતા અને તેમની ડ્રાઈવથી પ્રભાવિત થઈને, જયવીર ચૌધરી તેમના પ્રથમ કોચ બન્યા. ચોપરાએ જયવીર ચૌધરી અને થોડા વધુ અનુભવી રમતવીરો પાસેથી રમતની મૂળભૂત બાબતો શીખી, જેમણે જલંધરમાં બરછી કોચ હેઠળ તાલીમ લીધી હતી. તેણે ટૂંક સમયમાં જ ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયનશિપમાં પોતાનો પહેલો મેડલ, બ્રોન્ઝ જીત્યો, અને પછી તેની ક્ષમતા વિકસાવતી વખતે તેના પરિવારને તેને પાણીપતમાં રહેવા દેવા માટે સમજાવવામાં આવ્યો હતો.

એક વર્ષ સુધી જયવીર ચૌધરીની તાલીમ બાદ, 13 વર્ષીય ચોપરાને પંચકુલાના તાઉ દેવીલાલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હરિયાણા રાજ્યમાં સિન્થેટીક રન -વે સાથે માત્ર બે સુવિધાઓમાંની એક હતી. ત્યાં, તેણે કોચ નસીમ અહમદ, એક રનિંગ કોચ હેઠળ તાલીમ લીધી, જેણે તેને બરછી ફેંકવાની સાથે લાંબા અંતરની દોડની તાલીમ આપી. પંચકુલામાં વિશિષ્ટ બરછી કોચનો અભાવ હોવાથી, તે અને સાથી ભાલા ફેંકનાર પરમિન્દર સિંહે ચેક ચેમ્પિયન જાન ઝેલેઝનીના વીડિયો ડાઉનલોડ કર્યા અને તેની શૈલીની નકલ કરવાનો પ્રયાસ કર્યો. શરૂઆતમાં તાઉ દેવી ખાતે, ચોપરાએ સામાન્ય રીતે લગભગ 55 મીટરની થ્રો હાંસલ કરી હતી, પરંતુ ટૂંક સમયમાં તેની રેન્જમાં વધારો કર્યો, અને 27 ઓક્ટોબર 2012 ના રોજ લખનૌમાં નેશનલ જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 68.40 મીટરના નવા રાષ્ટ્રીય રેકોર્ડ થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો.

2013 માં, નીરજ ચોપરાએ તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા, યુક્રેનમાં વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં પ્રવેશ કર્યો. તેણે 2014 માં પોતાનો પ્રથમ આંતરરાષ્ટ્રીય મેડલ જીત્યો, બેંગકોકમાં યુથ ઓલિમ્પિક ક્વોલિફિકેશનમાં સિલ્વર મેડલ જીત્યો. તેણે 2014 ના વરિષ્ઠ નાગરિકો પર 70 મીટરથી વધુનો પ્રથમ થ્રો હાંસલ કર્યો હતો. 2015 માં, ચોપરાએ જુનિયર કેટેગરીમાં અગાઉના વર્લ્ડ રેકોર્ડને તોડ્યો, 2015 ઓલ ઇન્ડિયા ઇન્ટર-યુનિવર્સિટી એથલેટિક્સ મીટમાં 81.04 મીટર ફેંકીને; આ તેની 80 મીટરથી વધુની પ્રથમ થ્રો હતી.

નીરજ ચોપરા ગોલ્ડન બોય...

ચોપરાએ કેરળમાં 2015 ની રાષ્ટ્રીય રમતોમાં પાંચમો ક્રમ મેળવ્યો, અને પરિણામે રાષ્ટ્રીય કક્ષાના તાલીમ શિબિર માટે કૉલ પ્રાપ્ત થયો, 2016 માં પંચકુલા છોડીને નેતાજી સુભાષ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ સ્પોર્ટ્સ, પટિયાલામાં તાલીમ લીધી. ચોપરાના જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય શિબિરમાં તેમનો સમાવેશ તેમની કારકિર્દીમાં એક વળાંક આવ્યો, કારણ કે તેમને પંચકુલામાં ઉપલબ્ધ સારી સુવિધાઓ, સારી ગુણવત્તાયુક્ત આહાર અને તાલીમના સુધારેલા ધોરણો મળ્યા. તેમના મતે, રાષ્ટ્રીય કક્ષાના બરછી ફેંકનારાઓ સાથેની તાલીમથી તેમનું મનોબળ સુધર્યું. ચોપરાને 2010 ના કોમનવેલ્થ ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા કાશીનાથ નાઈકને તેમનો પ્રથમ સમર્પિત જેવેલિન કોચ પણ સોંપવામાં આવ્યો હતો, પરંતુ નાઈકની તાલીમ પદ્ધતિ ખૂબ જ મુશ્કેલ લાગી અને દો ટ્રેનિંગ મહિના પછી તેણે જાતે જ તાલીમ ફરી શરૂ કરી દીધી હતી.

2016 ની સાઉથ એશિયન ગેમ્સમાં, ચોપરાએ 9 ફેબ્રુઆરીએ ગુવાહાટીમાં એથલેટિક્સ ફાઇનલ દરમિયાન એક નવું વ્યક્તિગત શ્રેષ્ઠ હાંસલ કર્યું હતું, 82.23 મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો હતો, જોકે 83-મીટર ઓલિમ્પિક ક્વોલિફાઇંગ માર્કથી ઓછો હતો. તેણે તે મહિને ઓસ્ટ્રેલિયન કોચ ગેરી કાલવર્ટની તાલીમ પણ શરૂ કરી હતી. ચોપરાએ પોલેન્ડના બાયડગોસ્કઝમાં 2016 IAAF વર્લ્ડ U20 ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને 86.48 મીટરનો વિશ્વ જુનિયર રેકોર્ડ બનાવ્યો હતો, તે જ સમયે એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપતા વિશ્વ વિક્રમ મેળવનાર પ્રથમ ભારતીય રમતવીર બન્યો હતો. તેમનો U20 નો રેકોર્ડ ઓલિમ્પિક ચેમ્પિયન કેશોર્ન વોલકોટના રેકોર્ડને વટાવી ગયો હોવા છતાં, ચોપરા 2016 સમર ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યા હતા, કારણ કે U20 ચેમ્પિયનશિપના અઠવાડિયા પહેલા કટ-ઓફ તારીખ 11 જુલાઈ હતી. એપ્રિલ 2016 માં નવી દિલ્હીમાં ફેડરેશન કપ દરમિયાન પીઠમાં થયેલી ઈજાને કારણે રિયો માટેની તેની તૈયારીઓ પણ ખોરવાઈ ગઈ હતી, જેણે સ્પર્ધામાં તેના પ્રદર્શન પર નોંધપાત્ર અસર કરી હતી.

સાઉથ એશિયન ગેમ્સમાં ચોપરાના પ્રદર્શન અને તેની ભાવિ સંભાવનાથી પ્રભાવિત થઈને, ભારતીય સેનાએ તેમને રાજપૂતાના રાઈફલ્સમાં જુનિયર કમિશ્ડ ઓફિસર (JCO) તરીકે સીધી નિમણૂકની ઓફર કરી હતી, જે નાયબ સુબેદારના ક્રમ સાથે, સામાન્ય રીતે તરત જ એથ્લેટ્સને આપવામાં આવતો નથી, જેઓ સામાન્ય રીતે નોન-કમિશન્ડ ઓફિસર (એનસીઓ) તરીકે ભરતી થાય છે. સપ્ટેમ્બર 2016 માં, તેમણે નેતાજી સુભાષ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સને બેંગ્લોરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના કેન્દ્રમાં તાલીમ આપવા માટે છોડી દીધી. તેમને ડિસેમ્બર 2016 માં JCO તરીકે formal પચારિક રીતે સામેલ કરવામાં આવ્યા હતા, અને ત્યારબાદ તેમની તાલીમ ચાલુ રાખવા માટે વિસ્તૃત રજા મળી હતી.

2020 ટોક્યો ઓલિમ્પિક્સની તૈયારીમાં, જે 2021 સુધી મુલતવી રાખવામાં આવી હતી, ચોપરાએ તેના જર્મન કોચ ઉવે હોન, બાયોમેકેનિક્સ નિષ્ણાત ક્લાઉસ બાર્ટોનીટેઝ અને ફિઝિયોથેરાપિસ્ટ ઈશાન મારવાહાના માર્ગદર્શન સાથે તાલીમ લીધી હતી. 2018 - 2019 દરમિયાન હોહને ચોપરાની ફેંકવાની તકનીકમાં સુધારો કર્યો, જે અગાઉ હોનના જણાવ્યા મુજબ "જંગલી" હતો. 4 ઓગસ્ટ 2021 ના રોજ, ચોપરાએ ઓલિમ્પિકમાં પદાર્પણ કર્યું, જાપાન નેશનલ સ્ટેડિયમમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમને ગ્રુપ A માં સ્થાન આપવામાં આવ્યું હતું. તેમણે 26 જુલાઈએ સ્વીડનથી ટોક્યોની મુસાફરી કરી. તેમણે ડોપિંગ વિરોધી પરીક્ષણ કાર્યક્રમમાં ભાગ લીધો, ચોપરાએ તેમના જૂથમાં ટોચનું સ્થાન મેળવ્યું અને 86.65 મીટરના થ્રો સાથે ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો. ચોપરાએ 7 ઓગસ્ટના રોજ ફાઇનલમાં તેના બીજા પ્રયાસમાં 87.58 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો, એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય ઓલિમ્પિયન બન્યો હતો, અને એથલેટિક્સમાં સ્વતંત્રતા પછી પ્રથમ ભારતીય ઓલિમ્પિક મેડલ વિજેતા બન્યો હતો. ચોપરાના મેડલે ભારતીય ઓલિમ્પિક્સની ટુકડીને અંતિમ કુલ સાત મેડલ આપ્યા, જેણે 2012 ના લંડન ઓલિમ્પિક્સમાં મેળવેલા છ મેડલના ભારતના અગાઉના શ્રેષ્ઠ પ્રદર્શનને પાછળ છોડી દીધા. ટોક્યોમાં તેના પ્રદર્શનના પરિણામે, ચોપરા પુરુષોની ભાલા ફેંકમાં આંતરરાષ્ટ્રીય સ્તરે બીજા ક્રમાંકિત રમતવીર બન્યા.

સંપાદન

આહિરનો પહેરવેશ...

ભાતીગળ સંસ્કૃતિ વિશ્વના અનેક દેશોમાં જોવા વિભિન્ન રીતે જોવા મળી રહે છે પણ ભાતીગળ સંસ્કૃતિના અસલી દર્શન કરવા હોય તો તમારે જન્માષ્ટમીના દિવસે આહિરોને ગામડે પહોંચી જાવું જોઈએ! પહેરવેશ, આભુષણ, બોલવાની શૈલીથી આહિરોમાં વિશિષ્ટ સંસ્કૃતિની છાટ જોવા મળે છે. આહિર જ્ઞાતિનો પહેરવેશ અને અલંકાર ધ્યાન ખેચે એવા છે. આહિર સમાજના પહેરવેશ પાછળ એક ઈતિહાસ રહેલો છે, જેનું કારણ એ છે કે આહિર લોકોએ હજુ સુધી પોતાની પરંપરાને જીવંત રાખી છે.

આજથી ઘણા વર્ષો પહેલાં 'પાણકોરનાં' કાપડથી બહેનો હાથે સુઈ-દોરાથી સિવતા હતા. એ સમયમાં લાઈટ પણ ન હતી! સૂકી ખેતીનાં એરંડા ખાનણીએ ખાંડીને કાપડમાં નીચોવીને તેલ કાઢી બાજરીયામાં પલાળી દીવો કરીને તેનાં અજવાળે ભરતગૂંથણી કરતાં હતાં. કાપડમાં જૂદા જૂદા ચિત્રની છાપ માટે ઝારાનાં પાનને કૂટીને રસ કાઢીને સફેદ માટીમાં ભેળવીને સાવરણીની સળીથી અલગ અલગ આકાર કાપડ પર ઉપસાવતા હતાં. આજની પેઢીને પણ ખ્યાલ આવે કે આપણી સંસ્કૃતિ કેટલી મહાન છે.

આજનાં સમયમાં ટેકનોલોજીનાં કારણે ખૂબ વિકાસ થયો છે. ઘણી બધી બહેનો આજે પોતાનો રોજગાર પણ ભરત ગૂંથણ સાથે ચલાવી રહી છે. કચ્છનું ભરતકામ આજે દુનિયાભરમાં પ્રખ્યાત છે. વિદેશીઓ પણ સંસ્કૃતિને માળવા દુરથી આવતા હોય છે.

જેમાં મુખ્યત્વે સ્રીઓનાં પહેરવેશમાં' કાચરી', ઘાઘરો, ચુંદડી, મોરીની, બંગડીઓ, હાર, અને લગ્ન માટે સાચો ઘાઘરો અને જિજેળુ બધાને એક જ સરખું હોય છે. પુરુષોમાં કોટિ, વાજણો, પછેળી, લગ્ન , પરબમાં પટોરી, કેસરીયો કડીઓ, બાજુબંધ. આ બધું ભરતગૂંથણીથી ઝબકતુ અતૂટ અને અખૂટ છે. તોરણ, ચાકળા, ઓછાળ, અને તહેવારમાં તો બળદગાડાને ઝુલ ભરીને શણગાર કરતાં હોય છે. આજે પણ આહિરનાં ઓરડે તેની સંસ્કૃતિનાં દર્શન પહેલાં થાય છે..

ભાવના આહીર



રસોડાની રાણી

હેલ્થી પ્રોટીન સેન્ડવીચ...

બનાવવાનો સમય: ૫ મિનિટ
તૈયારીનો સમય: ૧૫ મિનિટ



સામગ્રી:
ચણાનો ઝીણો લોટ ૧૫૦ ગ્રામ,
રવો ૧ ચમચી,
કાંદો, ટામેટું અને કેપ્સીકમ ૧ નંગ ઝીણું સમારેલું,
છીણેલું પનીર ૧૦૦ ગ્રામ,
આદુ-લસણ-મરચાની પેસ્ટ ૨ ચમચી,
મીઠું સ્વાદાનુસાર, હળદર ચપટી, કિચન કિંગ મસાલો ૧ નાની ચમચી,
સફેદ તલ ૨ ચમચી,
મલ્ટી ગ્રેન બ્રેડ ૪ સ્લાઈસ, ઘી અથવા ઘરનું સફેદમાખણ-૩ ચમચી,
કોથમીર ૨ ચમચી, ગ્રીન ચટણી જરૂર મુજબ,
ટોમેટો કેચઅપ જરૂર મુજબ,
ફણગાવેલા મગ ૨૫ ગ્રામ, ફણગાવેલા દેશી ચણા ૨૫ ગ્રામ.
પાણી જરૂર મુજબ.

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

બનાવવાની રીત:
સૌ પ્રથમ મગ અને ચણાને પાર બોઇલ કરી લેવા(સિટી વગાડ્યા વગર ગરમ પાણીમાં ૫ મિનિટ ચપટી મીઠું નાખીને પકવવા). ત્યાર બાદચણાનો લોટ, રવો મિક્સ કરીને તેમાં કેપ્સિકમ, કાંદો, ટામેટાની જે પેસ્ટ બનાવી હતી એને મિક્સ કરવી. ત્યાર બાદ તેમાં પનીર, મીઠું પાર બોઇલ કરેલા મગ, ચણા, હળદર, કિચન કિંગ મસાલો, આદુ લસણ મરચાની પેસ્ટ, કોથમીર, સફેદ તલ, બધું સરખી રીતે મિક્સ કરી લેવું. હવે થોડું થોડું પાણી નાખીને મિડિયમ પાતળું ખીરું તૈયાર કરવું.

પછી નોનસ્ટિક પેન ગરમ કરવા મૂકો, સરખું ગરમ થાય એટલે ગેસ મીડિયમ ફ્લેમ ઉપર કરી દેવો. બ્રેડની બે સ્લાઈસ પર ગ્રીન ચટણી લગાવીને સાઈડ પર મૂકો, હવે પેનને ઘી અથવા માખણ લગાવીને ગ્રીસ કરો, ત્યારબાદ ખીરાને ગોળ ન ફેરવતા લાંબુ રહે એ રીતે પેનમાં નાખો. ઉપર બ્રેડની ચટણી વાડી સાઈડ ખીરા પર રહે એ રીતે બે બ્રેડ ખીરા પર મૂકો. હવે બ્રેડની ઉપરની બાજુએ ટોમેટો કેચઅપ અને કોથમીર લગાવો. અને થોડું ઘી અથવા માખણ લગાવો. નીચેની બાજુએથી થોડું ક્રિસ્પી શેકો, હવે હળવેકથી એને અપ સાઈડ ડાઉન કરીને પલટાવી લો. બીજી બાજુ ફકત ૫-૭ સેકંડ માટે જ સેકવી, નહીતો ટોમેટો કેચઅપ અને કોથમીર બળી જશે. બન્ને બાજુ શેકાયા બાદ સેન્ડવીચનો કોથમીર વાળો ભાગ ઉપર આવે એ રીતે બન્ને બ્રેડ તૈયાર કરો.

હવે ચટણી, કેચઅપ અથવા ડીપ સાથે ગરમ ગરમ સર્વ કરો.

આ સેન્ડવીચ ખાવામાં એકદમ ચટપટી, ને પ્રોટીનથી ભરપુર છે, એકદમ ઝડપી પેટ ભરાઈ જાય છે, અને જલદીથી પચી પણ જાય છે.

રસોડાની રાણી

ચોકલેટ પિઝા...

તૈયારીનો સમય: 5 મિનિટ
બનાવવાનો સમય: 5 મિનિટ

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

સામગ્રી:
તૈયાર પિઝા બેઝ 2 નંગ,
નુટેલા ચોકો હેઝલ નટ સ્પ્રેડ જરૂર મુજબ,
શેકેલા શિંગદાણા 50 ગ્રામ,
પીનટ બટર 50 ગ્રામ,
સાદું બટર શેકવા માટે,
ચીઝ (જો જોઈતી હોય તો)

રીત:

સૌ પ્રથમ પિઝા બેઝને હળવેકથી વચ્ચેથી કાપીને બે ભાગમાં ડીવાઈડ કરો. હવે એક ભાગ ઉપર નુટેલા સ્પ્રેડ લગાવો, જો વધારે ભાવતું હોય તો જરા જાડું લેયર કરવું, કિનારી ઉપરનની જગ્યા થોડી બાકી રાખવી. બીજા ભાગ ઉપર પીનટ બટર લગાવો, શેકેલા શીંગદાણાને છોલીને અધકચરા, એટલે કે ખાવામાં એનો ક્રંચ આવે એવા રાખવા. ત્યારબાદ આ દાણા એક ભાગ ઉપર ભભરાવવા, જો ચીઝ જોઈતી હોય તો નાખવી, નહી તો પીનટ બટર વાળા ભાગ ઉપર રાખીને સાદું બટર લગાવી એકદમ ધીમા તાપે નીચેનો પડ ક્રિસ્પી થાય ત્યાં સુધી શેકવું! સેકાઈ જાય પછી, ગરમ ગરમ સર્વ કરવું.

આ પિઝા બાળકોને ખુબ જ ભાવે છે, એકદમ ઓછા ને ઘરમાં રહેલાં સામગ્રીમાંથી જટ બની જાય છે, ને પીનટ બટર અને શીંગ દાણાના લિધે એકદમ પ્રોટીનથી ભરપૂર બને છે. જો બાળકોને આમાં બનાના, સ્ટ્રોબેરી, ચીકુ, જેવા ફ્રુટ અને થોડી ટુટી ફ્રુટી નાખીને આપશો તો તો એ લોકો માટે સોનામાં સુગંધ ભળે એવું થશે અને બાળકો હોંશે હોંશે ધરાઈને ખાશે.

દાદીમાનું વૈદું:

વાળ ખરે છે? વાળ એકદમ નિસ્તેજ થઈ ગયા છે? બજારુ ઉપાય કોઈ કારીગત નથી નીકળતા?

ચોખાનું પાણી.

ચોખાનું પાણી, ત્રણ ચમચી કાચા ચોખાને ત્રણ ગ્લાસ પાણીમાં 24 કલાક માટે પલાળી રાખી દો. 24 કલાક બાદ ગાળીને પાણીને અખા વાળમાં આંગળીની મદદથી લગાવી લો. હવે 2 કલાક બાદ નોર્મલ શેમ્પૂ કરીને વાળ ધોઈ લેવા. યાદ રહે કે ચોખાનું પાણી લગાવ્યા બાદ કન્ડિશનર કરવું નહિ. તમે જોજો તમને તમારા વાળમાં ચોક્કસ ફરક દેખાશે.

એક અવાજ
નિર્મોહી

કૃતિ મોકલવાના નિયમ

1. લેખકો વધુમાં વધુ બે પાનાંની મર્યાદામાં જ પોતાનો લેખ મોકલે, કવિઓ એકસાથે વધુમાં વધુ બે રચના મોકલી શકાશે . આમાંથી "નિર્મોહી - એક અવાજ" ટીમ દ્વારા પસંદગી પામેલી કૃતિ પ્રકાશિત થશે.
2. પૂર્વ સ્વીકારાયેલરચનાઓને લીધે પ્રકાશન માટે બે થી ત્રણ માસ જેટલો સમય લાગી શકે છે.
3. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશન માટે મોકલવામાં આવેલ રચના પૂર્વે કોઈપણ માધ્યમથી પ્રકાશિત થયેલ ન હોવી જોઈએ.
4. આપની કૃતિ મોકલતા પહેલાં "સાર્થ જોડણી કોશ" પ્રમાણે જોડણીની ચકાસણી કરી અને પછી જ મોકલવી, વધારે ભૂલોવાળી કૃતિ સ્વીકારવામાં આવશે નહિ.
5. આપની કૃતિ ગુજરાતી ભાષામાં "શ્રુતિ ફોન્ટ'માં ૧૨ ની સાઈઝમાં ટાઇપ કરીને જરૂરી વિગતો સાથે http://surl.li/zgls લિંકમાં ભરી મોકલવાની રહેશે!
6. લિંકમાં દરેક વિગતો ગુજરાતીમાં જ ભરવી, અધૂરી માહિતી સાથે ભરવામાં આવેલ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી .
7. જે તે અંક માટે પસંદ કરવામાં આવેલ રચનાઓની યાદી દર મહીનાની ૧૦ તારીખે નિર્મોહી ઈ મેગેઝિન ફેસબુક પેજ ઉપર મુકવામાં આવશે .
8. રચના મોકલ્યા બાદ અન્ય તમામ માહિતી ઈ મૈઈલ દ્વારા પ્રાપ્ત થતી રહેશે,
9. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશિત થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે. નિર્મોહી સામયિકના તંત્રી, સહ તંત્રી કે સંપાદક એની સાથે સંમત છે એવું માનવું નહીં,
10. નિર્મોહી - એક અવાજ સામયિક માસિક દર માસની ૧૫ તારીખે ડીઝીટલ માધ્યમથી પ્રકાશિત થાય છે.
11. કૃતિ નીચે પ્રમાણે મોકલવી.

    1. ધારાવાહિક
    2. કાવ્ય અને આસ્વાદ
    3. હેલ્થ લેખ
    4. સાહસ કથા
    5. વ્યક્તિ વિશેષ
    6. Motivational article
    7. વર્તમાન પ્રવાહ
    8. બાળગીત, બાળવાર્તા
    9. વાનગી, દાદીમાનું વૈદું

nirmohimagazine@gmail.com
@nirmohimagazine
નિર્મોહી ઈ મેગેઝિન

નિર્મોહી

એક અવાજ

નિર્મોહી અંક - 03 - 15/10/2021

nirmohimagazine

9624244390

તમારા મંતવ્યો જણાવવા ક્લિક કરો

https://wa.link/t0lqnj

જાહેરાત માટે સંપર્ક કરો

https://wa.link/t0lqnj

ટેલીગ્રામ ચેનલમાં જોડાઓ

https://t.me/nirmohimagazine

nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન